॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


# ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ॐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# ॥ સ્નેહાભિષેક પર્વ : વિશેષાંક ॥

## ॥ અભિનવ અભિષેક ॥

પૂજ્યશ્રી યોગેશ્વરજીની સંકલ્પભૂમિ 'સ્વર્ગારોહણ' તીર્થમાં સ્નેહતીર્થ 'મા' સર્વેશ્વરીએ 'સ્નેહાભિષેક પર્વ'નું પર્યવસાન 'મૌન સાધના'માં કરાવીને 'છોડ-પર્ણ-ફૂલ-ફળ'ને બદલે સીધો 'મૂળનો મહિમા' ચીંધ્યો. એમાં બાહ્ય પર્વોમાં રમમાણ રહેવાને બદલે 'આત્મપર્વ' ઊજવવવાનો માર્મિક સંકેત હતો.

જીવનમાં પર્વ કે પર્વો નહીં, જીવન સ્વયં જ એક પર્વ બની જાય, શાન્ત-સ્થિર-પ્રસન્ન બની રહે; એવા મંગલ આશીર્વાદ હતા. સમસ્ત 'સ્નેહાભિષેક પર્વ'ની ફલશ્રુતિ હતી : 'I celebrate myself'–હું મને ઉજવું. અર્થાત્ 'આત્માભિમુખ રહી, પરમાત્માને સંપૂર્ણ સમર્પિત થઈ જાઉં.'



# અનુક્રમ


| | | |
|---|---|---|
| | નિવેદન | ૫ |
| | 'અધ્યાત્મ'ના આદ્ય તંત્રીને શત શત વંદન ! | ૭ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત ('મા' સર્વેશ્વરી) | ૮ |
| ૨. | ધનતેરસનું માહાત્મ્ય : પૂ.શ્રી 'મા'ની દૃષ્ટિએ | ૯ |
| ૩. | પૂજ્ય માતાજીનું પવિત્ર સ્મારક : 'સ્વર્ગારોહણ' | ૧૧ |
| ૪. | પૂજ્યશ્રીના પત્રપ્રસાદનું ગૌરવ | ૧૪ |
| ૫. | પ્રાર્થનાપૂર્તિનો ઐતિહાસિક દિન | ૧૬ |
| ૬. | પદ્માસન : એક આગવું આસન | ૧૮ |
| ૭. | યુવા સાધકોની પદયાત્રા | ૨૦ |
| ૮. | બાળકોની સાઈકલયાત્રા | ૪૨ |
| ૯. | પનામા 'યુવા-ધ્યાનશિબિર'ના પ્રતિભાવો | ૫૨ |


સૌજન્ય : 'સ્વર્ગારોહણ'ની દૈનિકનોંધ : શ્રી મયૂરી ટેલર

# નિવેદન : શ્રીગંગાનો ગંગાજલથી અભિષેક

કવિશ્રી કાલિદાસે કહ્યું છે : 'ઉત્સવપ્રિયા : ખલુ જનાઃ ।' લોકો ઉત્સવપ્રિય હોય છે. પણ આપણા મોટા ભાગના ઉત્સવો-પર્વો ઘોંઘાટ, શોરબકોરથી ધમધમતાં હોય છે પછી એ કોલાહલ દ્રવ્યનો હોય, કીર્તિનો હોય, કોઈ આવડત કે ભાવનાના પ્રદર્શનનો હોય. જેમ ચોમાસુ કાદવ કરીને ચાલી જાય એમ એનાં ચિહ્નો-અવશેષો વાતાવરણને પ્રદૂષિત કરી મૂકે છે.

જ્યારે 'સ્વર્ગારોહણ'માં સ્નેહતીર્થ 'મા' સર્વેશ્વરીનાં ૭૫ વર્ષની પૂર્ણાહુતિનો અવસર 'સ્નેહાભિષેક' બહુ અનેરો રહ્યો; કેમકે પૂ.શ્રી 'મા'ના વર્ષોથી અનરાધાર વહેતાં સ્નેહનાં જલબિંદુઓ સંચિત કરીને ભક્તોએ સામો સ્નેહાભિષેક ધર્યો. જેમાં ગીત-સંગીત, ભજન-ધૂન-કીર્તન, નૃત્ય-રાસ-ગરબા, નાટક-સંવાદ-વાર્તાલાપ, પાઠ-પારાયણ, મન્ત્રગાન-માળા-પ્રદક્ષિણા-પ્રણામ-સત્કર્મ-શામિલ હતાં. જેને જે કંઈ વિશેષતા પ્રભુકૃપાથી પ્રાપ્ત હતી તે સઘળી પૂ.શ્રી 'મા'ના શ્રી ચરણે ધરી દેવાનો નમ્ર પ્રયત્ન દેશ-વિદેશના ભક્તોએ અનન્ય શ્રદ્ધાથી કર્યો.

પરિણામે 'પ્રીતિયોગં પરસ્પરમ્'નું મધુર-પ્રસન્નકર 'સ્નેહાભિષેક પર્વ' રચાયું. આ પર્વની વિશેષતા એ રહી કે, તા.૬ થી ૧૨ નવે.ના મધુર નાદ-નિનાદનું પરિણમન તા.૧૩ નવે. (પૂ.'મા'ના પ્રાગટ્યદિને) શાન્ત 'મૌન સાધના'માં કરાવીને પૂ.શ્રી 'મા'એ ઉપસ્થિત સર્વ ભાવિકોની સઘળી વિશેષતાઓને પ્રેમપૂર્વક વધાવીને, ચૂપકીથી પરમાત્મા સાથે અનુસંધિત કરી, એકરસ કરી દીધી.

આમ, અનાયાસે સ્થૂળ-ક્ષણજીવી આનંદમાંથી શાશ્વત આનંદની એક 'સૂક્ષ્મયાત્રા' કરાવી દીધી !

કદાચ, આ સૂક્ષ્મ યાત્રાને પગલે-પગલે જ યુવતીઓ અને



બાળકોની સાઈકલયાત્રા, યુવા સાધકોની હિમાલયની પદયાત્રા, વયસ્ક બહેનોની અંબાજી મંદિર, ગબ્બર તેમજ કુંભારિયાનાં દેરાંની યાત્રાઓ યોજાઈ. વિદેશવાસી ભાઈ-બહેનો તો પનામાની આગોતરી ધ્યાનશિબિરથી સજ્જ થઈને જ આવ્યા હતા; અને આ પર્વમાં સહભાગી બનવા થોડા દિવસ અભ્યાસ-નોકરી-વ્યવસાય છોડીને સ્વદેશ આવ્યા એટલે એમનું આવવું જ એ 'સ્નેહયાત્રા' હતી. વય કે તબિયતની અસ્વસ્થતાને ગણકાર્યા વિના નિતાન્ત સ્નેહને લીધે પધારી, પૂ.શ્રી 'મા'નાં શ્રીચરણોમાં તપ-જપ-પ્રણામ-પ્રદક્ષિણા-પારાયણોનો અર્ઘ્ય ધરનારાં વડીલો વંદનીય બની રહ્યાં.

આ પર્વમાં પૂજ્યશ્રી યોગેશ્વરજીરચિત 'ઉપનિષદનો અમર વારસો' તેમજ 'ગુજરાતી ઉપનિષદ' જેવા મહામૂલા ગ્રંથોનો પ્રસાદ મેળવવા સૌ બડભાગી બન્યા. શ્રી આશાબેન ભક્તનો 'શબ્દનર્તન' પદસંગ્રહ પણ ભક્તોને સ્નેહભેટરૂપે પ્રાપ્ત થયો. પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ પૂ.શ્રી 'મા'નાં પ્રવચનોને સુંદર સુસંકલિતરૂપે રજૂ કરતું શ્રી હેમલભાઈ તેમજ તેમના સાથીઓનું અતિ પરિશ્રમ, સૂક્ષ્મ સૂઝ તથા ઊંડી પ્રીતભર્યું 'વિડિયોદર્શન' પર્વને ચાર ચાંદ લગાડી ગયું. તો 'અધ્યાત્મ'નો 'સ્નેહેશ્વરી 'મા'સર્વેશ્વરી' વિશેષાંક પણ 'તેરા તુજકો અર્પન'ના ભાવથી પર્વના સુવર્ણમાં સુગંધ ભેળવી ગયો.

'સ્વર્ગારોહણ'ના આ અણમોલ પર્વમાં અહર્નિશ દોડતા શ્રદ્ધાળુ સમર્પિત ભક્તોનો પ્રેમ તમામ વ્યવસ્થાઓમાં મઘમઘી રહ્યો. છતાં યાદ રહે કે આવું-આટલું ગૌરૌવવંતું 'સ્નેહાભિષેક પર્વ' છેવટે તો શ્રીગંગાના અનવરત જલાભિષેક સામે અંજલિમાં ધરાયેલું ગંગાજલ જ હતું ! ક્યાં પરમ પ્રેમમયી 'મા'નો અસીમ પ્રેમસાગર અને ક્યાં આપણો સીમિત—જરાક અમથો ખોબો !

## ॥ 'અધ્યાત્મ'ના આદ્ય તંત્રીને શત શત વંદન ॥

'અધ્યાત્મ' સામાયિક આ વિશેષ નોંધ લેતાં ગૌરવ અનુભવે છે કે, પૂજ્યશ્રી ગુરુભગવંતના સ્નેહવશ ભક્ત શ્રી નારાયણકાકા, જેઓશ્રી તન-મન-ધનથી 'અધ્યાત્મ'નું ચાળીસ ચાળીસ વર્ષ સુધી સફળ સુકાનીપદ સંભાળતા જ નહીં, સતત શોભાવતા રહ્યા. પોતાના અંતરંગ મિત્રનો 'ચૈતન્યપ્રસારનો હેતુ' પોતાની લાક્ષણિક રીતે દેશ-વિદેશમાં સિદ્ધ કરતા રહ્યા. એમની ૧૦૦મી જન્મજયંતી નિમિત્તે સમગ્ર જાની પરિવારનો ઔદાર્યપ્રસાદ તો વિવિધ રીતે 'સ્વર્ગારોહણ'ના ભક્તોને પ્રાપ્ત થતો જ રહ્યો.

પણ પરમ કરુણામયી 'મા' સર્વેશ્વરીએ 'સરોડાથી બ્રહ્મપુરી'ની બહેનોની વિશિષ્ટ સાઈકલયાત્રાનું આયોજન સૂચવીને એમને કેવી 'ગૌરવવંતી ભાવાંજલિ' સહજભાવે અર્પી દીધી ! શ્રીકૃષ્ણ-સુદામાની સનાતન મૈત્રીના પ્રતીકરૂપે હોય એમ પૂજ્યશ્રી યોગેશ્વરજીની પ્રાગટ્યભૂમિ સરોડા અને શ્રી નારાયણકાકાની જન્મભૂમિ બ્રહ્મપુરી વચ્ચે જાણે એક 'મધુર સેતુબંધ' રચી દીધો.

શ્રી નારાયણકાકાની ૧૦૦મી જન્મજયંતીનિમિત્તે 'અધ્યાત્મ'ના સર્વ સંચાલકો-વાચકોના હૃદયવંદન !

જ્યાંસુધી 'અધ્યાત્મ' સામાયિકનું અસ્તિત્વ રહેશે ત્યાંસુધી 'કાગળ-કલમ'ના આ પ્રતીક-મહાત્માશ્રીયોગેશ્વરજી તેમજ શ્રી નારાયણકાકાની 'શાશ્વત મૈત્રીના આ દસ્તાવેજને' સ્વયં કાળ પણ અમૂલ્ય ઉપહાર તરીકે અક્ષત રાખશે.

સદા સ્મરણસ્થ શ્રી નારાયણકાકાના 'અધ્યાત્મ'ના અજર-અમર પ્રદાન માટે કહી શકાય :

**'યેષાં યશઃકાયે જરામરણજં ભયં નાસ્તિ ।'**



## ॥ શ્રી યોગેશ્વર કથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૨**
**તા. ૧૭-૧-૮૩, સોમવાર, માગશર સુદ ત્રીજ ૨૦૩૯**
**જોહાનિસબર્ગ-લેનેશિયા**

દરરોજની જેમ આજે પણ એ જ ક્રમ રહ્યો. મુલાકાતમાં ચારપાંચ બહેનો આવે છે. તેઓના કોઈ પ્રશ્નો નથી હોતા. ફક્ત દર્શન થાય એ હેતુથી જ આવેલી છે. છતાં અધ્યાત્મની થોડી વાતો થાય છે.

આજે સાંજે શ્રી હિન્દુ સર્વ સેવા સંઘ તરફથી શ્રી રામકૃષ્ણ હૉલમાં અંગ્રેજી પ્રવચન થનાર છે.

સાંજે સમયસર ત્યાં પહોંચી જવાનું બને છે. મંચ ઉપર બે સોફા ઉપર બેઠકો હતી. એક તરફ ભગવાન શ્રીકૃષ્ણની તસવીર ને દીપક હતાં.

શરૂઆતમાં ફૂલોના હારથી સંચાલકે સ્વાગત કર્યું.

પૂ.શ્રી ધ્યાન વિષે સુંદર સમજ આપતું અંગ્રેજી પ્રવચન આપે છે. પ્રવચન બાદ એક ભજન ગાવાનું બને છે.

હૉલ તદ્દન નજીક જ છે એટલે જલદીથી ઉતારા ઉપર આવી જવાનું બને છે. ત્યાં વળી, પૂ.શ્રી વાતચીત દરમ્યાન પૂ. માતાજીનું સ્મરણ કરે છે. માતાજીની માંદગીની, તેમની મહાનતાની વગેરે વાતો પૂ.શ્રી પંદર-વીસ મિનિટ સુધી કરે છે. પછી દૂધ પીને આરામ.

હરિઃ ૐ

'રાજાઓના અભિષેક માટે સાત સાગરનું જળ લવાતું. જ્યારે અહીં તો 'સ્નેહાભિષેક' માટે સ્વયં પ્રભુ 'શુદ્ધતમ સ્નેહ'ની વર્ષા કરે છે.'

## ॥ ધનતેરસનું માહાત્મ્ય : પૂ.શ્રી'મા'ની દૃષ્ટિએ ॥

આજે ધનતેરસ છે. કૅલેન્ડર એવું કહે છે ! ધનનો વરસાદ વરસે તે દિવસ ધનતેરસ. સમાજમાં આપણે એવું જ માનીએ. 'ધન' એટલે પૈસાની નોટ કે સિક્કા વિશાળ અર્થમાં સમજીએ તો આપણે પણ બધાં 'સ્વર્ગારોહણનું સાચું ધન' છીએ, બાળકો પણ મા-બાપનું સાચું ધન છે, સ્કૂલનું ધન વિદ્યાર્થીઓ, વેપારીઓનું ધન ગ્રાહકો, કંપનીનું ધન કર્મચારીઓ, એ રીતે આપણે સ્વર્ગારોહણનું ધન-ગુરુદેવનું સાચું ધન. 'દૂધે ધોઈને આપી દઈશું તારા પૈસા' એવી ખુમારીની વાણી આપણે સાંભળીએ છીએ ! 'હે પ્રભુ ! અમે તારું ધન છીએ. અમે દૂધે ધોઈ તમને આપી દઈશું. અમારા જીવનમાં સંસ્કાર પણ એક ધન છે. ધન રાજમહેલમાં જ મળે એવું નથી, ઝૂંપડીમાં પણ સંસ્કારનું ધન મળે એવા ધનનું સ્મરણ કરીને આપણે સાચા અર્થમાં સંપત્તિવાન થવાનું છે. ધનતેરસે ધનની પૂજા કરો, કોઈકની હાશ ધનથી લો ! તો તે પૂજા ગણાય. એવી હાશ સ્વર્ગારોહણ સૌને અપાવે છે, લેનાર ને અને દેનારને બન્ને પક્ષે હાશ ! આવતીકાલથી અહીં સત્કર્મ શરૂ થશે. દરરોજ ૭૫ કુટુંબને કાંઈક ને કાંઈક પ્રસાદ મળશે. તે લેનાર ને દેનાર બન્નેને હાશ ! એ રીતે સ્વર્ગારોહણ આવતીકાલથી રોજની ધનતેરસ ઉજવશે. માત્ર રૂ.૭૫૦/– (અંકે રૂપિયા સાતસો પચાસ પૂરા) આપીને કોઈ કુટુંબની હાશ મળતી હોય તો તે ખૂબ સસ્તી છે. આપના જ હાથે આપણી લક્ષ્મીનો શ્રેષ્ઠ ઉપયોગ. 'ધનતેરસ'ના આવા અર્થ યાદ રાખવા.



આપનું સંસ્કારધન કોઈ તત્ત્વ લૂંટી લેવા પ્રયત્ન કરે તો આપણે તો જાગ્રત રહીને તે સંસ્કારધન સાચવી લેવાનું છે. શ્રી લક્ષ્મીજીની જરૂર સૌને આંખ ઉઘડતાંની સાથે નિત્ય પ્રભાતથી પડે જ છે. એટલે એ શ્રી લક્ષ્મી પણ ખૂબ જરૂરી છે. પ્રભુએ એવી શ્રી લક્ષ્મી આપી હોય તો કોઈક માટે વાપરવાની છે. ધનતેરસની સાચી વાત તો પંડિતજી જાણે. પણ પૂ.શ્રી મા તો પોતાની રીતે આ ધનતેરસ સમજાવે. આપણી પાસે જે કાંઈ ધન છે. સંસ્કારનું, આવડતનું તેને સમાજ માટે વાપરવાનું છે. જ્યાં જ્યાં જ્યાં વિશેષતા છે. તેને તેને વંદન. સ્વર્ગારોહણ પોતાનું માનીને જે જે સેવા કરે છે. તેમને પણ વંદન.

આજે તો ધનતેરસ ! ધનનો મહિમા છે. તો પૂ.શ્રીમા પણ તમને એક બે પૈસા આપે તો તે સ્વીકારજો, કરોડ માનીને !'

**–સંકલન**

'હું વૈભવ-ઐશ્વર્યની વિરુદ્ધમાં નથી પણ એ જ્યારે પરમાર્થમાંથી ભ્રષ્ટ થાય છે ત્યારે દુઃખ થાય છે.'

**–કબીર**

'વૃક્ષ ફળ આપે છે અર્થાત્ પોતાને આપી દે છે. મહાત્માઓના શ્રીચરણે બેસો તો તેઓ પોતાને આપી દે છે.'

**–શ્રી મા આનંદમયી**

## ॥ પૂજ્ય માતાજીનું પવિત્ર સ્મારક : 'સ્વર્ગારોહણ' ॥

'ભાઈબીજ'—પૂ.માતાજીનો પ્રાગટ્યદિન. પૂ.માતાજીના ત્યાગ અને તપ બધું જ આપણે બધાં જાણીએ છીએ. એમની બેગમાંથી એક ડાયરી મળી. જેમાં માતાજીના પરિવારના બાળકોનાં નામ હતાં. તારાબેનનાં બાળકો-પંકજભાઈ, બીપીનભાઈ, રમેશભાઈ, રમીલાબેન. એ દરેકનું અલગ અલગ પાનું હતું. માતાજીએ નોંધ કરી છે :

'ચિ.રમીલા, આજે તો જન્મદિન છે. તને મારા આશીર્વાદ છે. ખૂબ ખૂબ પ્રભુ તને સુખી રાખે.' ૨-૩ પાનાં છોડીને રમેશભાઈનું પાનું. દર વરસે તે તારીખે માતાજી યાદ રાખીને આ ડાયરીમાં આશીર્વાદ લખતા. પોતાના પરિવારના બધા બાળકોની જન્મતારીખ યાદ રહે ને ડાયરીમાં આશીર્વાદ લખાય. દર વરસે માતાજી જ્યાં હોય ત્યાં તે ડાયરી સાથે રહે. કેવો સરસ પ્રેરક નિયમ છે ! પૂ.માતાજી બદરીકેદારનું ચંદન સાથે રાખતાં (ખૂબ થોડુંક) દર ૧૫મી ઓગષ્ટે પૂ.શ્રીને ચંદનથી તિલક કરે, પ્રણામ કરે અને આશીર્વાદ માંગે છે. કોઈ માતા એવી ? ત્રીજી વાત-પૂ.માતાજી ગંગાજળ સાથે રાખતાં. દર એકાદશીએ જે જે સ્વજનો મળે તેને તેને તે આપતાં. પૂ.શ્રીના ઉપવાસો લાંબા ચાલે. માતાજીને જાણ તો થાય કે ઉપવાસ શરૂ થયા પણ ઉપવાસ પૂરા થાય ત્યારે પૂ.માતાજી અચૂક પૂ.શ્રીને પૂછે, "જે કામ માટે ઉપવાસ કર્યા તે કામ સફળ થયું ?" પૂ.શ્રીને ઉપવાસ હોઈ પૂ.માતાજી જાતે જ પોતાનું બનાવીને જમી લે. પૂ.શ્રી



સાધનામાં મગ્ન અને પૂ.માતાજી શાંતાશ્રમની કુટિયામાં એકલાં એકલાં શાંતિથી બેસે. પૂ.શ્રીને ૧૯૮૦ પછી વિચાર આવ્યો કે 'પૂ.માતાજી જેવા કેટલા બધા બેનો હશે કે જે રામચરિત માનસ ના વાંચી શકે. તો લાવો હું એનો ગુજરાતી અનુવાદ કરું.' આજે પૂ.માતાજીની સ્મૃતિમાં આ 'સ્વર્ગારોહણ' ઊભું છે. પૂ.શ્રીને આ વિચાર પણ ૧૯૮૦ પછી જ આવ્યો કે સસ્તા દરે સ્વચ્છ વિશ્રામગૃહ બની શકે. અહીં વેપારીવૃત્તિ આજે કે ભવિષ્યમાં કદી નથી કરવાની. જે રૂમનું ભાડું છે તેમાં છાશવારે મનગમતા દર કોઈએ વધારવાના નથી. આ વિશ્રામગૃહના રૂમ ભાડાં કમાવા માટે નથી. પૂ.માતાજી સાથે પૂ.શ્રીએ ઘણી બધી તીર્થયાત્રા કરી, પૂ.શ્રી ને માતાજી ધર્મશાળામાં જ ઉતરતાં એટલે એવી એક ધર્મશાળાનું સ્વપ્નું તે આ સ્વર્ગારોહણ ! એટલે સૌને પોસાય તેવું જ ભાડું. ભોજન પણ લગભગ મફત. પણ એનો દુરુપયોગ કરીને અહીં સાધના કર્યા વગર, સેવામાં સહકાર ધર્યા વગર, લાંબાકાળ સુધી આળસુ બનીને પડી રહેવાનું આ સ્થળ નથી. સસ્તું હોય એટલે ઘર છોડીને અહીં મુકામ કરો તે બરાબર નથી. એટલે આ સંસ્થાની ઉદારતાનો ગેરલાભ ના લેવાય. પૂ.માતાજીનું આ પવિત્ર સ્મારક છે. તો તે સ્મારકમાં રૂમમાં ચાલુ પંખા ને ચાલુ લાઈટ રાખી તમે કેવી બેદરકારીથી જીવો છો ! માએ ઘણીવાર બાથરૂમના આસન સરખાં કરેલાં છે...આપણું બેદરકારીભર્યું જીવન આ સ્મારકને પણ ગંદું કરે છે. આ બધી કડવી વાતો પણ મા વિના કોણ કહે ? એટલે 'સૌનું કામ તે કોઈનું નહીં.' એ વાક્ય ભૂલી જાવ. 'સૌનું કામ એ જ મારું

કામ છે.' એમ માનીને આ સ્મારકને સ્વચ્છ રાખવાના પ્રયત્ન કરો. પૂ.માતાજીનું સ્મારક અહીં થવાનું જ હતું. ઋષિકેશમાં કે ક્યાં કરીએ એવું પૂ.શ્રી વિચારતા હતા. ત્રિવેણીઘાટ પર જગ્યા જોવાનું રતનલાલજી ને લલિતપ્રસાદજીને પણ સોંપ્યું હતું. ગંગાસ્નાન કરીને પૂ.શ્રી બહાર નીકળ્યા ત્યારે પૂ.શ્રીએ બંને ભક્તોને એ વાત કરી કે માતાજીની સ્મૃતિમાં એક વિશ્રામગૃહ બનાવીએ. ગુજરાત આવીને પાલનપુરમાં પ્રવચન થયાં અને જમીન જોવા અંબાજી આવ્યા. પૂ.શ્રીને આ ભૂમિ પસંદ પડી, પોતે ઊતર્યા. ૫ મિનિટ પણ આ ધરતી પર નથી ચાલ્યા. જોઈ લીધી. (યોગતીર્થની સામેની જગ્યા બતાવીને) 'આટલામાં જ પગલાં હશે.' એટલે અમે વારંવાર કહેતા રહ્યા કે, 'પથ્થરથી ના મઢો.'

પૂ.શ્રીની આ 'સ્વપ્નભૂમિ' માતાજીનું 'સ્મૃતિભવન'. આપણા સૌની 'હાશનું સરનામું'. રોજ રોજ હાશ જ મળે છે. ભોજનમાં હાશ...ગરબામાં હાશ... ભજનમાં હાશ...સર્વત્ર જાણે હાશનું સરનામું ! પૂ.માતાજી ને પૂ.શ્રીના આશીર્વાદ ને કૃપાથી અહીં આપણે રક્ષાયેલા ફરીએ છીએ.

**—'મા' સર્વેશ્વરી**

'એક ભી ફૂલ પર હાલાકિ તેરા નામ નહીં
ફિર ભી યહ સચ હૈ, ગુલિસ્તાં હૈ ગુલિસ્તાં, તુજસે.'

**—આઝાદ અન્સારી**



# ॥ પૂજ્યશ્રીના પત્રપ્રસાદનું ગૌરવ ॥

પૂ.મા : અમારા જીવનમાં પૂ.શ્રીનો સૌથી પહેલો પત્રપ્રસાદ મળ્યો. તે અમને એટલો બધો નીકટના સ્વજન જેવો લાગ્યો. એટલે અમે તો સ્ટુડિયોમાં લઈ ગયા. કહ્યું, આનો પહેલાં ફોટો પાડો. તેને નવાઈ લાગી હશે. તે કહે, 'બેન ! તમે ૨ દિવસ પછી લઈ જજો.' પણ સ્ટુડિયોને એ પત્ર સોંપતાં જીવ ના ચાલ્યો. અમે કહ્યું, 'અમે ૨ દિવસ પછી જ આવીશું.' ઘરે જઈને તેને સારા અક્ષરમાં ઉતારી લીધો. તે જમાનામાં ઝેરોક્ષ કે સ્કેન નહોતું. પછી તો એ પત્રનો ફોટો આવી ગયો. દેવસ્થાનમાં એક સ્ટીલની ફ્રેમમાં પ્રતિષ્ઠિત પણ થઈ ગયો. એને રોજ જ વાંચવાનો. જાણે એક શાસ્ત્ર ! એ જ ભાગવત ને એ જ રામાયણ ! પછી સાધનાત્મક પ્રશ્નો માટે પૂ.શ્રીને પત્રો લખવાનું થતું. તો પૂ.શ્રી અતિનિયમિત જવાબ આપતા. અમે જેમ જેમ નવા પત્રો મળે તેમ તેમ ફ્રેમમાં બદલતા ગયા. રોજ જ વાંચવાના એટલે પત્રો મોઢે થતા ગયા. પછી તો અમે પૂ.શ્રીને લખ્યું, 'અમને તમારા પત્રો વાંચવા જ ખૂબ ગમે છે. તો તે વાંચવામાં રોજના ભજન-જપના નિયમમાં વિક્ષેપ પડે છે તો શું કરવુ ?' તો પૂ.શ્રી કહે, 'પત્રવાંચન પણ એક સાધના છે.'

પૂ.મા : અહીં હાજર નથી પણ આશાબહેન, ઈલાબહેન, રીટાબહેન, સુરેખાબહેન અમારી પાસે (તે વખતે) રાતે રહેવા આવતાં શનિ-રવિ. તો આખી રાત અમે એવા પત્રો વંચાવતા ને વાંચતાં ને નવા નવા પદ લખતાં ને ગાતાં. કદાચ હિમાંશુભાઈને પણ થોડુંક યાદ હશે. એટલે પત્રવાંચન એ સાધના છે. આજે તો લાગે છે કે પત્ર એ વાંચવાનું સાધન નથી. જીવી બતાવવાનું

મંગલ ટાણું છે. એક એક અક્ષરમાં જીવો. એટલે પત્રો જ જાણે જીવાદોરી હતા. પ્રથમ પત્રમાં પૂ.શ્રી લખે, ''મારું હોય તેને મારા બરાબર ગણું છું.'' એ એક વાક્ય વાંચતાં આપણી કેટલી મોટી જવાબદારી બની જાય છે ! પ્રકાશપંથના એ તપસ્વી-પરમપુરુષની આ અક્ષર આરાધના જીવને દશે દિશાથી સતત જગાડતી ગઈ.

પૂ.શ્રીએ અમને ૪૦ વર્ષ પહેલાં એક બીજો પત્ર લખેલો તેમાં દરેકના જીવનનું શું મહત્ત્વ છે, તેની વાત પણ લખી છે : 'આપણું જીવન સંસારના સાધારણ કામોને કરીને એક દિવસ અહીંથી વિદાય થવા માટે નથી. એને આધ્યાત્મિક રંગે રંગીને શિવસ્વરૂપ પરમાત્માના પ્રેમથી પરિપ્લાવિત કરીને મુક્ત, પૂર્ણ, પ્રશાંત બનાવવાનું છે. લોકહિતના કામોમાં જોડવાનું છે. તેને માટે જગદંબાની પૂર્ણ કૃપા જોઈએ. એનો સાથ ને સહકાર જોઈએ. એના સનાતન સાથ વિના બધું નકામું છું. નિરંતર સ્મરણ-મનન કરતા રહેવું. એના અહેતુકી પ્રેમપારાવારનું સ્મરણ કરવું. એના માટે પ્રેમપૂર્વક પ્રાર્થવું.'

જે વાંચે, જે સાંભળે તે સૌના માટે આ સંદેશ છે. 'આપણું જીવન સંસારના સાધારણ કામોને કરીને એક દિવસ અહીંથી વિદાય થવા માટે નથી.' આટલું એક વાક્ય પણ યાદ રહે તો પણ કામ થઈ જાય. પત્રપ્રસાદના પ્રત્યેક વાક્ય જાણે જગાડવાનારા હોય છે.

**—'મા' સર્વેશ્વરી**

'આપણે જેટલા ભીતર ઊંડા ઊતરીશું, એટલા જ બહાર વિસ્તરીશું.'



# ॥ પ્રાર્થનાપૂર્તિનો ઐતિહાસિક દિન ॥

'૯ નવેમ્બર.'

એટલે અમારે મન ''ઐતિહાસિક દિન'' ! અમારી પ્રાર્થનાપૂર્તિનો એ દિન. નવેમ્બર ૧૯૭૯માં એક પત્રપ્રસાદ મળ્યો. આપણે મોરબી બે દિવસ માટે જવાનું છે. અનુકૂળતા હોય તો જરૂર આવો. શનિ-રવિ જ છે અને આ મા તો શનિવારની સ્કૂલ પૂરી કરી ટ્રેઈનમાં બેઠાં. હાશ ! પૂ.શ્રીનું સંનિધિસુખ મળશે. હેન્ડબેગમાં બે જ જોડ કપડાં ને ૧૫૦ કે ૨૦૦ રૂ. રસ્તે ટ્રેઈનમાં સતત એક વિચાર આવ્યા કરતો. કે પૂ.શ્રી આવી નાની નાની યાત્રા કે શિબિરમાં તો ભાગ આપે છે. આમંત્રણ પણ આપે છે. આપણે જઈએ છીએ પણ પાછું બે દિવસ કે ૮ દિવસ થાય એટલે પાછું છૂટાં પડવાનું. 'હે પ્રભુ ! એવું કંઈક કરો કે તમે બોલાવો છો તો અમે આવીએ છીએ પણ હવે એવું કરો કે કદી છૂટા જ ના પડીએ.' એ પ્રાર્થના ટ્રેઈનમાં લખાઈ હતી :

**'હું તો આવી રહી તારે દ્વાર,**
**ઓ કૃપાનિધિ ! માર કે તાર.'**

પદ તો લખાઈ ગયું ને મણિનગર આવી ગયું. ઊતર્યાં. તો રંજનબેન દેસાઈ ને ઘનશ્યામભાઈ દેસાઈ બંને ફૂલ લઈને માને મળ્યાં. સ્ટેશન પર કહે મણિનગર જવાનું છે. ત્યાં ગયા તો ના કલ્પેલું દૃશ્ય જોયું. પૂ.શ્રી પલંગ પર સૂતા હતા. બેચેનીનો પાર ન હતો. ડૉક્ટરો આવ્યા હતા અને નિર્ણય કર્યો કે હૉસ્પિટલમાં જવું જ પડશે. પૂ.શ્રી પૂછે - 'હોસ્પિટલમાં સાથે કોણ રહે ?' અમે તરત કહ્યું, 'હું રહીશ.' પૂ.શ્રી ડૉક્ટરની ગાડીમાં પહોંચ્યા હૉસ્પિટલ. અમે પાછળ રિક્ષામાં રાજુ પુરોહિત સાથે. એ ૯મી નવેમ્બર હતી.

તે દિવસથી સ્કૂલનો ત્યાગ થયો. એટલે પ્રભુ પ્રાર્થના ચાલતી ગાડીએ પણ કેવી સાંભળે ! ને પછી તો પૂ.શ્રીનું સંનિધિસુખ ! ૧૫૦ રૂ. ને બે જોડ કપડાં સાથે શરૂ થયું. ત્યાગ કરનારને સમાજ પણ ખૂબ આપે. અમે એક પદ લખ્યું :

**'ભર્યા ભંડારે વહાલા તારા દરબારમાં,**
**સૌ કોઈ આવી શકે દરબારમાં.'**

પૂ.મા : જે જે માંગે તે તે તું આપતો રહે છે. એટલે આજનો દિવસ પ્રાર્થનાપૂર્તિનો, નિવૃત્તિનો, સંતસંનિધિનો દિવસ છે. એક જ ઝાટકે બંધન તોડ્યાનો દિવસ છે. હૉસ્પિટલમાંથી સ્કૂલમાં લખી દીધું રાજીનામું : 'તમે મારું રાજીનામું ત્રણવાર નથી સ્વીકાર્યું. ફાડી નાખ્યું છે તે હું જાણું છું પણ હું હવે મારા ગુરુદેવની સેવામાં છું માટે હવે હું શાળામાં આવી શકું નહીં. આ મારો પત્ર રાજીનામાનો માનીને સ્વીકારો.' પત્ર લખ્યો ને બપોરે હૉસ્પિટલમાં જ એક પદ લખાયું :

**'ઝુકાવ્યું જીવન મારું રે,**
**પ્રભુજીના પંથે....'**

સવારની ટપાલમાં રાજીનામું લખી દીધું. પૂ.બાપુજીને પણ પત્ર લખી દીધો ને પછી આ પદ લખાયું. કદાચ તે દિવસે પૂ.શ્રીની સેવામાં કલ્યાણજી હતા. કદાચ તેમને વંચાવ્યું પણ હતું. ત્યારે ક્યાં કલ્પના હતી કે ઢોલ નગારાં સાથે તમે બધાં ગાશો. ત્યારે તો એવું હતું કે અમારા આ નિર્ણયથી કદાચ સ્વજનો છોડી જશે. તો પણ જે થવાનું હોય તે થાય....એ છૂટ્યું તો પ્રભુ પકડાયા. આજનો આ ૯ નવેમ્બરનો દિવસ અમારા માટે અગત્યનો છે. જે થવાનું હતું તે જ થઈને રહ્યું.

—'મા' સર્વેશ્વરી



## ॥ પદ્માસન : એક આગવું આસન ॥

તા.૧૨/૧૧/૨૦૧૮

ઘણાં વરસ થયાં પદ્માસનને વાળીને. 'પ્રભુને બતાવી દો કે અમે પણ કમળવત્ રહીશું. કોણે કોણે પદ્માસન વાળ્યું છે ? એક સેકન્ડ તો વાળો.' વડોદરાની પહેલી શિબિર ૧૯૭૩માં થઈ હતી. પહેલે દિવસે પહેલી બેઠકમાં પૂ.શ્રી એ મંચ ઉપરથી કહ્યું; 'વાળો પદ્માસન'. માને તો પદ્માસન વાળતાં ના આવડે. એક સેકન્ડ વાળીને છોડી દીધેલું, પણ પછી ખૂબ જ શરમ આવેલી. એટલે રૂમ પર જઈને તરત જ પ્રયોગ કરવા માંડ્યો. પગ તો એવા દુઃખે કે ના કહેવાય કે ના સહેવાય. શિબિર પછી સુરત આવી ગયા. તે દિવસોમાં અમારો નિયમ એક કલાક ભજન ગાવાનો હતો. જે લીટી સ્ફુરે તે એક કલાક સુધી ગાવાની. ભજન ગાવું તો ખૂબ ગમતું. એટલે નક્કી કર્યું કે ત્યારે પદ્માસન વાળવું. ગમતી વાત કરીએ તો શરીરનું અસ્તિત્વ ભૂલી જવાય અને પછી પદ્માસન ૧૫ મિનિટ, ૩૦ મિનિટ, એક કલાક. એમ વળવા માંડ્યું. પછી વળી એક નવો તુક્કો સૂઝ્યો. પદ્માસન વાળીને જ સૂઈ જવું. પદ્માસનમાં જ સૂઈ જવું. શરૂઆતમાં તો એ આસનમાં પગ અધ્ધર જ રહેતા. પછી આ રીતે ધરતી પર અડવા લાગ્યા. અત્યારે પણ આપણું પદ્માસન ધરતીને અડીને જ રહેવું જોઈએ અને પદ્માસનનો અભ્યાસ વધતાં વધતાં કલાકો વધતા ગયા. ૧૫ મિનિટ, ૩૦ મિનિટ, એક કલાક, છ કલાક,

આઠ કલાક સુધી મા બેસી શકે છે પદ્માસનમાં સાત વાગે માળા પૂરી થઈ. પદ્માસન સૌ સ્વજનોએ નોંધ્યું હશે કે ઘણા કલાકો થઈ ગયેલા. એટલે એ દિવસે શ્રી રેવાશંકરભાઈએ માને જિંદગીમાં પહેલીવાર દંડવત કર્યાં. માને કર્યા કે માના પદ્માસનને ? તે ખબર નથી. તે પછીના વર્ષોમાં હરિદ્વારમાં અખંડધૂન સાંજે ૬ થી સવારે ૬ એમ ૧૨ કલાકની હતી. તેમાં પદ્માસન રાખેલું માએ. તો સાંજે ૬ વાગેથી પદ્માસન વાળેલું તે સવારે ૬ વાગે છૂટ્યું. લગભગ ૩૫-૪૦ ભક્તો ધૂનમાં હાજર હતા. એટલે પદ્માસનનો અભ્યાસ જેટલો પાળશો તેટલો તેનો સમય વધશે. જેમ આસનનો રાજા શીર્ષાસન તેમ પદ્માસનનું પણ આગવું સ્થાન છે.

**—મા સર્વેશ્વરી**

‘સાચો આરામ મેળવવા માટે માણસે પોતાની ચેતનામાં નીચે ઉતરવાને બદલે ઊંચે ચઢવું જોઈએ. સસ્તા મનોરંજન કરતાં અંદર જ શાંત, સ્થિર થઈને, ચેતનામાં એકાગ્રતા કરી, ઊર્ધ્વમાં આરોહણ કરો. તમસ્‌માં નહીં પ્રકાશમાં, શાંતિમાં, મૌનમાં આરોહણ કરે તે જ સાચો સાધક.’

**—શ્રીમાતાજી**



# ॥ યુવા સાધકોની પદયાત્રા ॥

(ઉત્તરકાશીથી દેવપ્રયાગ)

દિવસ : ૧૦, કિલોમીટર : ૧૫૧

પૂ.શ્રી‘મા’ના ૭૫ના પૂર્ણાહુતિ પર્વ સંદર્ભમાં વિચારીએ ત્યારે સમજાય છે કે, ગુરુભગવંત પૂજ્યશ્રી યોગેશ્વરજી દ્વારા કંડારેલી ‘પ્રકાશના પંથ’ની પગદંડી પર યાત્રા કરતાં કરતાં શ્રી‘મા’એ અધ્યાત્મજગતના એક અદ્વિતીય ઈતિહાસનું કેવું અદ્‌ભુત સર્જન કરી દીધું છે !

પૂ.‘મા’ના જપ તપ અને વ્રતના અપ્રતિમ સિદ્ધિમાંથી પ્રેરણા લઈ, ૨૮ યુવા સાધકો હિમાલયની પદયાત્રા કરવા પ્રેરાયા અને પૂ.‘મા’ના આશીર્વાદથી જ આ કૃપાયાત્રા કરવા સદ્‌ભાગી બન્યા :

(૧) શ્રી વૈભવભાઈ કાકા (૨) શ્રી અશ્વિનભાઈ કાકા (૩) શ્રી આશિષભાઈ જોષી (૪) શ્રી ધ્રુવ કલોલા (૫) શ્રી હેમિશ અમૃતિયા (૬) શ્રી દિલીપસિંહ (૭) શ્રી યશપાલસિંહ (૮) શ્રી વૈભવભાઈ ભટ્ટ (૯) શ્રી અરૂણભાઈ કણઝારિયા (૧૦) કશ્યપભાઈ મિસ્ત્રી (૧૧) શ્રી વિરાજભાઈ (૧૨) શ્રી રાજુભાઈ જાની (૧૩) શ્રી ઉમેશભાઈ લાડ (૧૪) શ્રી નરેન્દ્રભાઈ (૧૫) શ્રી ચંદ્રકાંતભાઈ (૧૬) શ્રી ઈશ્વરભાઈ (૧૭) શ્રી કૌશિકભાઈ (૧૮) શ્રી હિરેનભાઈ દવે (૧૯) શ્રી ભરતકુમાર આચાર્ય (૨૦) શ્રી રાજીવભાઈ જાની (૨૧) શ્રી સંદીપભાઈ ઠેસિયા (૨૨) શ્રી રાજેશભાઈ ટેલર (૨૩) શ્રી સંદીપભાઈ (૨૪) શ્રી કવીશ્વરભાઈ (૨૫) શ્રી આશિષભાઈ ગોહિલ (૨૬) શ્રી કનુભાઈ આજરા (૨૭) શ્રી અજયભાઈ કલોલા (૨૮) શ્રી કિર્તનભાઈ હળવદીયા.

પૂ.શ્રી'મા'ના ૭૫મા પ્રાગટ્યપર્વ નિમિત્તે યાત્રાઓનું આયોજન શ્રી રાજુભાઈ જાની અને શ્રી રાજીવભાઈ જાની દ્વારા કરવામાં આવ્યું છે. તારીખ ૨૬/૧૧/૨૦૧૮ સાંજ સુધી બધાને સ્વર્ગારોહણ પહોંચવાનો સંદેશો મળેલો છે. બધા આવી ગયા છે. પૂ.શ્રી'મા' બધાને પોતાની પાસે બોલાવે છે. અને પૂ.શ્રીમાએ પોતાના વરદહસ્તથી દરેકના મસ્તક પર ટોપી પહેરાવી અને પૂ.શ્રી'મા'ના વરદહસ્તનો પવિત્ર સંસ્પર્શ સૌ યાત્રીઓ પામી ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે. કદાચ આ દિવ્ય સ્પર્શ કદાચ સૌ પદયાત્રીઓનાં જીવનમાં કોઈ ક્રાંતિ કરી જશે. કદાચ સૌ પદયાત્રીઓને આધ્યાત્મિક પ્રગતિમાં ઉપકારક બનશે. એ તો સમય જ કહેશે. બધાને ખેસ પણ પ્રસાદમાં મળે છે. બિસ્કિટનો પ્રસાદ પણ મળે છે. કૅડબરી પણ પ્રસાદમાં મળે છે. મંત્ર જપ માટે કાઉન્ટર પણ મળે છે. શ્રી શાંતિભાઈ તરફથી ચીકી પણ મળે છે. પૂ.શ્રી'મા' તરફથી લક્ષ્મીજીનો પ્રસાદ (૨૫૦૦/-) પણ પ્રાપ્ત થાય છે. સ્વયં લક્ષ્મીસ્વરૂપા પૂ.શ્રી'મા'ના વરદહસ્તથી સૌ પ્રસાદ પામી પોતાની જાતને આ પૃથ્વી પરના સૌથી ભાગ્યશાળી આત્મા માનવા લાગે છે. પૂ.શ્રી'મા' પોતાના અંગત ખજાનામાંથી બધાને માટે ગરમ ટોપી અને પગના મોજાં પણ આપે છે. આપણે કેટલા બધા ભાગ્યશાળી છીએ ! પૂ.શ્રી'મા' આ યાત્રાના સૌ પદયાત્રી માટે પોતાનો અંગત ખજાનો લુંટાવી દે છે. આજના આ સ્વાર્થી યુગમાં પૂ.શ્રી'મા' સિવાય આવી દિવ્ય કૃપા કોણ કરી શકે ? આ યાત્રા માટે પૂ.શ્રી'મા' જરૂરી સૂચનો આપે છે. હિમાલયના પત્રો શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલ તરફથી પ્રાપ્ત થાય છે. પૂ.શ્રીમા રાજીવભાઈને પૂછે છે; 'યાત્રા દરમ્યાન શું કરશો ?' શ્રી રાજીવભાઈ કહે છે; 'હિમાલયના પત્રોનું



પારાયણ કરીશું 'મા'. ચિંતન અને મનન કરીશું.' પૂ.શ્રી'મા' મૌન અને જપ વિશે પણ કહે છે. સૌ પદયાત્રી સહર્ષ સ્વીકારે છે. ઉત્તરકાશીમાં ખાસ કોઈ બીજા સ્થળ જોવા જેવા નથી. 'જડભરત'ની સમાધિ અને 'વિશ્વનાથ મંદિર' આ બે સ્થળે દર્શન કરવા જવાનું નક્કી થાય છે. યાત્રાની શરૂઆત શ્રી વિશ્વનાથ મંદિરમાંથી શરૂ કરવાની છે. પૂ.શ્રી'મા' એક દાખલો આપે છે રાજકોટવાળા દવેભાઈનો કે એ ભાઈને દ્વારકાની પદયાત્રા કરવાની હતી તેની આગલા દિવસે તેમને પગમાં ફ્રેક્ચર થાય છે. પરંતુ તે હિંમત હારતા નથી અને શ્રી દ્વારકાની યાત્રા પૂર્ણ કરે છે. અને આમ ઉદાહરણ આપી સૌ પદયાત્રીનો જુસ્સો વધારે છે. અને પૂ.શ્રી'મા' એમ પણ કહે છે કે જેને તકલીફ હોય તે બસમાં બેસી જાય. અહીં કોઈને મૅડલ આપવાના નથી. પણ થોડીક મુસીબતથી હારીને પાછા બસમાં બેસી ના જતા. સૌ સાથે મળીને યાત્રા કરજો. પૂ.શ્રી'મા' કેટલી બધી કાળજી રાખે છે એક સગી 'મા' પણ આટલી કાળજી કદાચ ના રાખી શકે ? અને તે પણ કેટલા બધા બાળકોની ! આભાર પૂ.શ્રીમા ! આપ આવી જ રીતે અમારા સૌના જીવનમાં આવી રીતે ઉત્સાહ ભરીને સાધનાના પથ પર સાધના કરાવી જપ, તપ, વ્રત કરાવી અમને પ્રભુની પગદંડી પર દોરી જજો. પૂ.શ્રી'મા' પૂછે છે કે; 'આ યાત્રાના સૂત્રધાર કોણ છે ?' શ્રી રાજીવભાઈ વિનમ્રતાથી કહે છે. પૂ.શ્રી'મા' અહીં કોઈ સૂત્રધાર નથી. આપ જ સૌના સૂત્રધાર અમે તો સંચાલકો છીએ. અને શ્રી રાજીવભાઈ યાત્રા વિશે થોડો ચિતાર આપે છે. પૂ.શ્રીમા પૂછે છે. વિડીયોગ્રાફી કોણ કરશે ? અને ફોટોગ્રાફી કોણ કરશે ? શ્રી રાજીવભાઈ કહે છે. શ્રી ઉમેશભાઈ વિડીયોગ્રાફી કરશે. અને

શ્રી ચંદ્રકાંતભાઈ ફોટોગ્રાફી કરશે. અને બધા પાસે મોબાઈલ તો છે જ. અને બીજી વ્યવસ્થા માટે હું અને ભરતભાઈ છીએ. અને પૂ.શ્રી'મા' સંતોષ વ્યક્ત કરે છે.

સ્વર્ગારોહણથી સવારે ૧૧ પ્રણામ અને વરદહસ્તની પ્રાર્થનાથી શ્રી ગણેશ તા.૨૭/૧૧/૨૦૧૮ના રોજ સુપ્રભાતે મંડાય છે. સૌ દૂધનો પ્રસાદ સ્વર્ગારોહણમાં પામે છે. શ્રી રાજુભાઈ જાની યાદ કરીને સ્વર્ગારોહણથી ધાબળા અને ચોરસા લેવડાવે છે. પ્લાસ્ટિક પણ લેવડાવે છે. અને ગેસનો બાટલો, સગડી, અને બેટરી અને જરૂરી બધો સામાન લઈ લેવાય છે. બસમાં સામાન ગોઠવાઈ જાય છે. રાજસ્થાનની બોર્ડર ક્રોસ કરવાની છે. ૭.૩૦ પહેલાં. એટલે બધા ઝડપથી પોતાનું સ્થાન ગ્રહણ કરે છે. નવમંત્ર ગાન સાથે પદયાત્રાનો પ્રારંભ થાય છે. બસ સારી છે. સીટો પણ સરસ છે. સારથી પણ સરસ છે. બારીઓ પણ સરસ છે. બધું સરસ સરસ પ્રાપ્ત થાય છે જ્યાં જગતજનની 'મા' સર્વેશ્વરી બિરાજમાન હોય ત્યાં બધું સરસ જ હોય. પૂ.શ્રી પ્રભુએ પદયાત્રામાં આવી કોઈ તૈયારી કરી નહીં હોય. અહીં તો બધી જ સગવડો સાથે, ગરમ કપડાં પણ સાથે, ભોજન માટેની પૂરતી વ્યવસ્થા, પીવાના પાણીના પણ જગ સાથે, જાણે રાજાશાહી ઠાઠ સાથેની પદયાત્રા ! કેમકે આપણે બધા પૂ.શ્રીમાના રાજકુંવરો ! આ યાત્રામાં ડૉક્ટર પણ છે. વકીલ પણ છે. પ્રૉફેસર પણ છે. વિદ્યાર્થીઓ પણ છે. વડીલો પણ છે. નોકરિયાતો પણ છે. બિઝનેસમેન પણ છે. ઍન્જિનિયર પણ છે. કેમેરામેન પણ છે. ફૉટોગ્રાફર પણ છે. કૅનેડિયન ટાયગર પણ છે. દેશના છે, વિદેશના પણ છે. પણ આ બધા અત્યારે તો પદયાત્રી છે. સહયાત્રી છે સૌ પોતાનું પદ ભૂલી અને



પૂ.શ્રીમાના બાળ બની યાત્રામાં જોડાયા છે.

શ્રી ઈશ્વરભાઈ નિત્ય પ્રાર્થના કરાવે છે. બસ રસ્તામાં એક સારી હૉટલ જોઈ થોડો હળવો નાસ્તો લેવા ઊભી રાખવામાં આવે છે. બસ ખૂબ સરસ રીતે ચાલી રહી છે. શ્રી અજયભાઈને પૂ.શ્રી'મા'ની પ્રેરણાથી એક ઉત્તમ વિચાર આવે છે. અને તે બધાને જણાવે છે કે, આ યાત્રા પહેલાં આપણે સૌ પૂ.શ્રીમાનો દિવ્ય વરદ હસ્તનો સંસ્પર્શ પામ્યા છીએ જ્યારે પૂ.શ્રી'મા' પૂ.શ્રીના જ્યારે પ્રથમવાર દિવ્ય વરદ હસ્તનો સંસ્પર્શ પામ્યાં હતાં ત્યારે સવા લાખ જપ કરી એને વધાવ્યો હતો. આજે આપણો વારો છે. આપણે સૌ પદયાત્રી પર પૂ.શ્રી'મા'એ અનહદ કૃપા કરી છે. આપણે કેવી કેવી જગ્યાએ ખરડાઈ પૂ.શ્રી'મા' પાસે આવ્યા છે. અને તેમ છતાં પૂ.શ્રી'મા'એ સૌ પદયાત્રીના અનેક જન્મોના પાપોનો અને અનેક જન્મોનો ક્ષય એક જ ઝાટકે કરી દીધો છે. આપણને તો કદાચ ખબર નહીં હોય પણ આ પૂ.શ્રી'મા'ના આ દિવ્ય વરદ હસ્તને વધાવવા કરોડો જપ કરીએ તો પણ આપણે એમનું ઋણ ઉતારી ના શકીએ. પૂ.શ્રી'મા'ને આપણા આ શરીરના સંસ્પર્શથી કદાચ કેટલી વેદના થઈ હશે. પણ આ તો પૂ.શ્રી'મા'નું વાત્સલ્યમય પ્રેમાળ સ્વરૂપ છે. એ તો કરુણાની મૂર્તિ સમાન છે આ પૂ.શ્રી'મા', પૂ.શ્રી માટે કોઈ એક ડગલું ભરે તેના માટે પૂ.શ્રીમા હજાર ડગલાં ભરી દે. પૂ.શ્રી'મા'એ આપણા માટે કેટલું બધું લૂંટાવી દીધું ! બધા આ યાદ કરીને શ્રી અજયભાઈના સૂચનને વધાવી લે છે. અને બધા જ સવા લાખ જપ કરવાનો સંકલ્પ કરે છે. આ યાત્રા દરમ્યાન જપ અને મૌન અને 'હિમાલયના પત્રો' જ્યાં રચાયા છે એ જ પવિત્ર દિવ્ય ભૂમિમાં એનું વાંચન કરવું, મનન કરવું, ચિંતન કરવું, અને ચર્ચા કરવી

એમ નક્કી થાય છે. અહીં સૌ સાત્ત્વિક વિચારોને પ્રેમથી વધાવે છે આ ૨૮ જણની મંડળીથી સ્વર્ગારોહણને સજ્જ કરવાની શરૂઆત કરતા હોય તેમ લાગે છે. જગમંચે પ્રભુને પ્રગટાવવા હશે તો સંપથી આ રીતે બધાએ કામ કરવું પડશે. આ રીતે આવી યાત્રાઓ કદાચ પદયાત્રીઓના જીવન વિકાસ અને સાધનાના પંથમાં આગળ વધવા અનેક ઘણી ઉપયોગી સાબિત થશે જ એમ લાગે છે.

રસ્તામાં બસ ઘણી સારી રીતે અને લયબદ્ધ ચાલી રહી છે. સૌ જપમાં મસ્ત છે. બસમાં 'હિમાલયના પત્રો'નું વાંચન થાય છે. જપ થાય છે. ભજનો અને ધૂન ગવાય છે. બધા એક અદમ્ય ઉત્સાહ સાથે આગળ વધી રહ્યા છે. ધાર્યા કરતાં વહેલાં જયપુર પહોંચી જઈએ છે એટલે એક સૂચન મળે છે. કે આપણે સીધા હરિદ્વાર પહોંચી જઈએ અને સારથિ ભાઈએ પણ ભૂલથી મથુરાવાળા રૂટની પરમિટ લીધી હતી. અને એ રૂટ લાંબો હોઈ બધા આ સૂચનને અતિ પ્રેમથી વધાવે છે. શ્રી સારથિ પણ કહે છે કે હું તમને સવારે હરિદ્વાર સહીસલામત પહોંચાડી દઈશ. શ્રી ઈશ્વરભાઈ પ્રાર્થના અતિનિયમિત કરાવે છે. રાત્રે કિંગ હૉટલ પર ભોજન માટે ઊભી રહે છે. બધા જમી લઈ હૉટલના પાછળના ભાગે રમત રમે છે. બધાના પગ હળવાશ અનુભવે છે. અને શ્રી સારથિભાઈ રાત્રિ મુસાફરી માટે આરામ કરી લે છે. બે કલાકના વિરામ પછી પાછી બસ આગળની યાત્રા શરૂ કરે છે. લગભગ મળસ્કે ૫.૦૦ વાગ્યાની આસપાસ એક સારી હોટલ પાસે બસ રોકી શ્રી સારથિભાઈ આરામ કરી લે છે. બધાની સલામતી માટે જરૂરી છે. પૂ.શ્રીમાએ જ સુઝાડ્યું હશે. લગભગ સવારે ૯.૩૦ની આસપાસ હરિદ્વાર પહોંચી જઈએ



છીએ. શ્રી ગંગાજીના દર્શનથી મન ભાવવિભોર બને છે. આર્યમન હોટલમાં ઉતારો છે. બધાની રૂમ ફાળવેલી છે. એટલે કોઈ અવ્યવસ્થા સર્જાઈ નથી સૌ પોતપોતની રૂમમાં ફ્રેશ થવા જાય છે. ભોજન કરી બપોરે ૨.૦૦ વાગે શ્રી ગંગાજીમાં સ્નાન કરવું એમ નક્કી થાય છે. બપોરે બધા સમયસર આવી જાય છે. શ્રી ગંગાજી અંકે સૌ કોઈ પ્રણામ, જપ, પ્રાર્થના કરે છે અને પછી સ્નાન કરે છે. પૂ.શ્રી પ્રભુની બાવની કરતાં કરતાં સ્નાન થાય છે. જન્મોના પાપોને ક્ષય થાય છે. સૌ કોઈ આગળની પદયાત્રા માટે પવિત્ર બની જાય છે. જે પગદંડી પર પૂ.શ્રી પ્રભુએ વિચરણ કર્યું હોય તે પગદંડી પર જતાં પહેલાં તનથી પણ પવિત્ર બનવું જરૂરી છે. મન અને મસ્તિકને પૂ.શ્રીમાએ પોતાના વરદહસ્તથી સંસ્પર્શ કરાવી તેને રક્ષાયેલું રાખેલું છે. શ્રી ગંગાજી અને પૂ.શ્રીમા બંને એક જ છે. સ્વરૂપ અલગ છે. બંને કલ્યાણકારી, લોકઉપયોગી, નિસ્વાર્થભાવે સતત હાશ ધરનારા ! એમના વગર બધું અધૂરું. એમનાથી બધું મધુરું, મંગલમય, આભાર પૂ.શ્રીમા.

ત્રીજે દિવસે એટલે કે તા.૨૯/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૬.૦૦ વાગ્યે હરિદ્વારથી વાયા નરેન્દ્રનગર થઈ ઉત્તરકાશી જવા પ્રયાણ કરીએ છીએ. આર્યનિવાસથી રસ્તામાં નાસ્તા માટે ઢેબરાં લેવાય છે. જેથી રસ્તામાં ગમે તેવું ખાવું પડે નહીં. સાત્ત્વિક આહાર શરીરની શુદ્ધિ માટે જરૂરી છે. સાત્ત્વિક વિચાર મનની શુદ્ધિ માટે જરૂરી છે. આ યાત્રા હૃદયની શુદ્ધિ માટે છે. સાંજે ઉત્તરકાશી પહોંચી બધા સુખરૂપ આવી ગયા માટે શ્રી ગંગાજીને પ્રણામ કરવા જાય છે. અમારા ઉતારા કમલાભવનની બરાબર સામે જ શ્રી ગંગાજી બિરાજમાન છે. એમના પ્રવાહના

સુમધુર અવાજથી બધાને પોતાની હાજરીની પ્રતીતિ કરાવે છે. બધાને નિર્મલ કરવાની, પવિત્ર કરવાની નિસ્વાર્થ ફરજ બજાવે છે. સૌ શ્રી ગંગાજીઅંકે બેસી ધ્યાન, જપ કરે છે. અને કેટલાક તેમને કેમેરામાં કેદ કરે છે કેટલાક તેને આંખોમાં ભરી લે છે. સામે ઉતુંગ પર્વતો જાણે પદ્દની છાતી કાઢી ઊભા હોય તેમ લાગે છે. તેમની ઉપર સ્થિતપ્રજ્ઞ સાધુની જેમ વૃક્ષોની હારમાળા છે. બધા જાણે શિસ્તબદ્ધ ઊભેલા દેખાય છે. પર્વતની હરિયાળીથી મન અંતર ભરાઈ જાય છે. ઠંડીનો ચમકારો છે. હિમાલયના પવનની અસર શરીર પર વર્તાય છે. ત્યારે યાદ આવે છે કે પૂ.શ્રી પ્રભુએ જ્યારે અહીં તપ કર્યું હશે, વિચરણ કર્યું હશે ત્યારે તો આ જગ્યા કેટલી ભયાનક લાગતી હશે. અત્યારે તો એક શહેર બની ગયું છે. એટલે કદાચ ઠંડી ઓછી લાગે કારણ પ્રદૂષણ, ગાડીઓની સતત આવનજાવનથી વાતાવરણમાં ગરમાવો રહે. હે પ્રભુ આપે પૂ.શ્રીમાને આ ધરતી પર લાવવા આપે કેટકેટલાં કષ્ટો સહન કર્યા હશે. કેટકેટલાં તપો આદર્યા હશે. કેટકેટલી અગવડતા ભોગવી હશે. પૂ.શ્રી પ્રભુ આપણે ચરણે કોટિ કોટિ પ્રણામ કરીએ તો પણ તે ઓછા પડે ! આભાર પૂ.શ્રી'મા'. આવી સરસ યાત્રાનું આયોજન કર્યું જેથી મનઅંતર સતત પ્રભુમય બની રહે છે. વર્ષોથી શ્રી હિમાલયના વિવિધ સ્થળોએ જ્યાં જ્યાં પ્રભુએ વિચરણ કર્યું હોય ત્યાં ત્યાં જવાની અદમ્ય ઇચ્છા હતી વર્ષો પછી જાણે પ્રાર્થના સંભળાઈ અને સરસ સત્સંગી યુવાભાઈઓ સાથે કરવા મળી. જમવાની હજુ વાર છે. શ્રી રાજુભાઈ બધા ભાઈઓ સાથે બેઠા છે. અને સરસ સરસ વાતો કરે છે. પૂ.શ્રી'મા' આપણા સૌ યુવાભક્તો પાસે શું ઇચ્છે છે તે જણાવે છે. પૂ.શ્રી'મા'ની વેદના જણાવે છે.



પૂ.શ્રીમાની દિવ્ય હાજરીમાં જપ, તપ, વ્રત, પારાયણ જે કરવું હોય તે પ્રગટની સામે જ કરી લો, પછી પસ્તાશો. તેમ જણાવે છે. શ્રી રાજુકાકાનો કેવો સરસ ભાવ છે. શ્રી રાજુકાકાની વાણીમાં પણ કેવી નમ્રતા અને મધુરતા છે કેટલી શાંતિથી તે શબ્દો ઉચ્ચારે છે. અને તે પણ સરળ ભાષામાં બધાને જાગ્રત કરવાની કોશિશ કરતા રહે છે. હે પૂ.શ્રી'મા' આ રાજુકાકાની સર્વ સાત્ત્વિક ઇચ્છાઓ પણ અમારી દ્વારા પૂર્ણ કરાવજો.

એક પદ યાદ આવે છે :

**'મને તો પ્રેમી પૂર્ણ બનાવો, તમારો સાચો ભક્ત બનાવો.'**

રાત્રિનું જમવાનું બીજે હોવાથી બધા બસમાં બેસી હોટલના સંચાલક સાથે જઈએ છીએ હું એમની સાથે બાઈક પર બેસીને જાઉં છું સરસ ઠંડી છે. બધા ભોજન આરોગે છે. સવારે વહેલું ઉઠવાનું છે ૬.૦૦ ગાવે વિશ્વનાથ મંદિરમાં પહોંચવાનું છે. કાલથી પદયાત્રા શરૂ થવાની છે. બધા જ આ સાહસ માટે થનગની રહ્યા છે. હિમાલયમાં પદયાત્રા એકાદ બે સિવાય બધાની પહેલી વારની જ છે. સૌંદર્યનો ખજાનો છે આ પર્વતીય વિસ્તારમાં. સૌ કોઈ વહેલાં સુઈ જાય છે. અને સવારે વહેલા ઉઠી જાય છે. સમયસર બધા બસમાં બેસી શ્રી વિશ્વનાથ મંદિરે પહોંચી જઈએ છીએ. શ્રી વિશ્વનાથનાં દર્શન, અગિયાર પ્રણામ અને 'હિમાલયનાં પત્રો'ના પ્રકરણનાં વાંચન અને ૧૦ મંત્રગાન સાથે યાત્રા શરૂ થાય છે.

આજે ૨૫ કિલોમીટરની યાત્રા છે. યાત્રા બે ભાગમાં વહેંચી દેવામાં આવી છે સવારે ૧૫ કિલોમીટરની અને ભોજન બાદ ૧૦ કિલોમીટરની યાત્રા કરવાની છે પૂ.શ્રી માની આજ્ઞા પ્રમાણે બપોરે ૪.૩૦ વાગ્યે પદયાત્રાની સમાપ્તિ કરી દેવાની છે.

પર્વતીય વિસ્તાર હોવાથી અંધારું વહેલું થાય છે. જંગલી પ્રાણીઓનો ભય પણ રહે છે અને ૪.૩૦ પછી ઠંડી વધવાની શરૂઆત પણ થાય છે. પૂ.શ્રી'મા'ના દિવ્ય ચક્ષુ આ બધું જાણે જ છે. એથી તો પૂ.શ્રી'મા' જે આજ્ઞા આપે છે. સૌ એને વધાવે છે. બધા એક લાઈનમાં પદયાત્રા પર નીકળે છે. બધા નવા જુસ્સા ઉમંગ અને ઉત્સાહથી આગળ વધતા જાય છે. પૂ.શ્રી પ્રભુને પ્રાર્થું છું 'હે પ્રભુ, ચાલો યાત્રામાં સાથે રહેજો અને આપની દિવ્ય અનુભૂતિ કરાવજો.' અને પૂ.શ્રીની હાજરી જાણે એ દેવદુર્લભ દિવસોમાં વર્તાતી આ પર્વતોની વચ્ચોવચ્ચ વિશાળ સ્વરૂપ જાણે શ્વેત વસ્ત્રો ધારણ કરી પૂ.શ્રીનું મોટું સ્વરૂપ પ્રગટ થયું હોય તેવા ભાવ મનમાં જાગે છે. અને મન ગદ્‌ગદ્‌ થાય છે. યાત્રામાં સૌથી છેલ્લે હું છું. મૌન વ્રત અને જપ ચાલે છે. મન શાંતિ અનુભવ કરે છે. કોઈ જગ્યાએ જવાનું નથી. કોઈ બીજું કામ કરવાનું નથી. કોઈ જવાબદારી નથી. જવાબદારી તો છે પૂ.શ્રી પ્રભુએ વેઠેલા કષ્ટો માટે પગલે પગલે પૂ.શ્રી પ્રભુનું પૂજન કરવાનું મન થાય એ જ અને બને તેટલું જગતથી અલિપ્ત થઈ આ પ્રભુએ કંડારેલી પગદંડી પર ચાલવા પ્રયાસ કરવાનો બસ આ જ મુખ્ય કામ છે. જ્યાં જ્યાં જ્યારે જ્યારે અમે ગંતવ્ય સ્થાન પર પહોંચીએ ત્યાં જ પૂ.શ્રીમાનો ફોન અચૂક આવે એ જ બતાવે છે કે પૂ.શ્રી'મા' આ પદયાત્રામાં એમની દિવ્ય ચેતનાથી આપણી સાથે જોડાયેલા છે. આજની ૧૨ કિલોમીટરની યાત્રા પૂર્ણ થાય છે બપોરના ભોજનની વ્યવસ્થા છે. બધા ભોજન કરી અને 'હિમાલયનાં પત્રો'નું વાંચન કરે છે. હજુ ૧૩ કિલોમીટરની યાત્રા બાકી છે. શ્રી રાજીવભાઈ અને શ્રી ભરતભાઈ રસ્તામાં સૂપની વ્યવસ્થા પણ કરે છે એ બંને સેવાભાવી યુવાબાળકો



બધાનું સરસ રીતે ધ્યાન રાખે છે. કોઈને કોઈ ખાવાપીવાની તકલીફ નથી. આજનો ઉતારો શિવકૃપા હૉટલમાં છે. શ્રી રાજીવભાઈ અને ભરતભાઈ દાલ ફ્રાઈ અને જીરા રાઈસની વ્યવસ્થા કરે છે. સૌ યુવાનો કામે લાગી જાય છે. કોઈ શાક સમારે છે કોઈ વાસણ ધોવે છે. કોઈ પાણી લાવે છે. કોઈ પ્લાસ્ટિક લાવે છે. અરે ! આ શ્રી નરેન્દ્રભાઈ અને ઉમેશભાઈ પણ કેટલી સહજતાથી બધા સાથે ભળી જઈ બધા જ કામો કરવા તત્પર રહે છે ! વાસણ પણ સાફ કરવા બેસી જાય વજન પણ ઉંચકે અમારે બધાએ એમને રોકવા પડે 'હે કેનેડિયન ટાયગરો, અમે બધા છીએ. તમે રહેવા દો.' બધાના જ સહયોગથી બધું કામ સરસ રીતે થાય છે, દરેક ૨૫ કિલોમીટર પર સરસ રહેવાની સગવડ મળી રહે છે તે પણ પૂ.શ્રી'મા'ની અનન્ય કૃપાથી શક્ય બની શક્યું આ બધું આયોજન જાણે પૂ.શ્રી'મા'એ કરી જ રાખ્યું. આપણે બધા તો નિમિત્ત માત્ર છીએ.

આજે પદયાત્રાનો બીજો દિવસ પ્રારંભ પામે છે. જાણે આજે યાત્રાનો પહેલો દિવસ હોય તેવું જ જોમ અને ઉત્સાહ છે. પૂ.શ્રી'મા'ના દિવ્ય વરદહસ્ત કેવું ભગીરથ કામ કરાવી શકે છે. તે આ પદયાત્રામાં અનુભવવા મળે છે. હિમાલયના પર્વતો શ્રીગંગાજીનું સાન્નિધ્ય સતત મળતું રહે છે. મૌનયાત્રા, જપયાત્રા, ચિંતનયાત્રા, મંથનયાત્રા કેટકેટલી યાત્રાઓ એક સાથે થાય છે ! હે મા, આ બધા યુવાબાળકોને આ રીતે પ્રભુપંથે ધીમે ધીમે પગલાં પાડતાં શિખવાડજો આ એક સંસારથી અલિપ્ત રહેવાની પણ યાત્રા છે. ૩૬૫ દિવસમાં ૧૦ દિવસ તો પૂ.શ્રી પ્રભુના પગલે ચાલવાની કોશિશ તો કરીએ. અને પૂ.શ્રીમાની પણ આ જ ભાવના છે કે સૌ યુવાબાળકો સાથે મળી

સ્વર્ગારોહણને સજ્જ કરવા તૈયાર થાય. આ પદયાત્રા જીવનયાત્રાની એક નવી દિશા ધારણ કરી શકે ? તો પૂ.શ્રીમાનો પરિશ્રમ સાર્થક થશે. બધા સરસ રીતે 'હિમાલયના પત્રો'નું વાંચન કરતા કરતા આગળ વધીએ છીએ. આ યાત્રામાં 'હિમાલયના પત્રો'નું મનોમંથન જે કરવાનું છે તે એક વિસ્મયકારક છે. કારણ આજ પહેલાં કેટલી બધી વાર આ 'હિમાલયના પત્રો'નું અધ્યયન કર્યું છે. પણ આ વખતે જાણે પૂ.શ્રીમાના દિવ્ય વરદ હસ્તના લીધે મન અને મસ્તિષ્ક પર એની ધારી અસર છે કે 'હિમાલયના પત્રો'માં પૂ.શ્રી પ્રભુના સાધનાપંથે આગળ વધવાની બધી જ જડીબુટ્ટી તેમાં છે. તેને સમજવાનો અમારો દૃષ્ટિકોણ બદલાયો. અને ભાવ પણ બદલાયો. આભાર પૂ.શ્રી'મા' આપે અહેતુક કૃપા સૌ પદયાત્રીઓ પર કરી છે. અને બીજી એક વાત શ્રી નારાયણકાકાએ સંગત સારી શોધી. અને એના લીધે આજે આપણને 'હિમાલયના પત્રો' મળ્યા. એક શરૂઆતના સાધકે ધ્યાન કેવી રીતે કરવું. જપ કેવી રીતે કરવા. કેટલા વાગે ઉઠવું. કેટલા વાગે સૂવું. લગ્ન પછી પણ કેવી રીતે જીવન જીવનું આ બધું જ 'હિમાલયના પત્રો'માંથી પ્રાપ્ત થાય છે. આપણે પણ આપણા જીવનમાં કોની સાથે મિત્રતા, સંગત કરીએ છીએ એ માટે પણ આપણે જાગ્રત રહેવું જોઈએ.

પૂ.શ્રીના વિરાટ વ્યક્તિત્વને સમજવા માટે આ વામન પદયાત્રાથી પ્રયત્ન કરીએ છીએ. પૂ.શ્રી હિમાલયના પત્રોમાં કહે છે; આપણે પ્રતિદિન ઉમદા ચારિત્ર્યના પાયા પર ઊભા રહીએ અને વિરાટની સાથે એક થઈ જવાના પ્રયોગો આદરીએ. પ્રયત્ન કરો અને વિજય આપણો છે. આગળ વધવા કહે છે. આપણને



શુદ્ધ થવા દો, આપણને પવિત્ર થવા દો ને પછી હજારો વાવાઝોડાં ભલે વરસે, મોતના ઝંઝાવાતો ભલે વાય, દ્વારિકાનિમજ્જન વખતે ઉભેલા પીપા ભગતની જેમ આનંદ-સ્મિતને વેરતાં આપણે પ્રલયની ગરદન પર પાય મૂકીને ઊભા રહીશું. બોલો કેટલી સરસ વાતો છે. હવે આપણે અમલ કરવાનો બાકી છે. બાકી, આવું ઉમદા ભાથું કોણ આપી શકે ? બીજા દિવસની યાત્રા પણ પૂર્ણ થઈ સતત પ્રભુને શોધવાનું મનોમંથન ચાલે છે ! બધા સરસ રીતે ચાલી શક્યા અને પોતાની આજની ૨૫ કિલોમીટરની યાત્રા પૂર્ણ કરી જ્યાં જ્યાં ઉતારો આવે ત્યારે પૂ.શ્રીમાનો ફોન અચૂક આવે છે. જાણે સતત પૂ.શ્રી'મા' આ યાત્રાને પહાડોની આંખોથી, શ્રી ગંગાજીના પવિત્ર જલથી, આકાશના માધ્યમથી જાણે સતત આપણને જોઈ રહ્યા છે તેવી પ્રતીતિ થાય છે.

પદયાત્રાના બીજા દિવસનો ઉતારો મકાનસિંગના મકાનમાં છે. આ જંગલમાં મંગલ જેવો મહેલ જાણે રાતોરાત પદયાત્રી માટે બન્યો હોય એવું લાગે છે. પૂ.શ્રી'મા'ની અનહદ કૃપા સતત વરસી રહી હોય એવું અનુભવવા મળે છે. અને આજુબાજુ ઘોર જંગલ છે અને ચિત્તાનો પણ ભય છે પણ મકાનસિંગનું મકાન સુરક્ષિત સ્થાન પર હતું. રાત્રે શ્રી રાજીવભાઈ અને શ્રી ભરતભાઈ દ્વારા છોલે અને ગરમાગરમ પૂરી ભોજનમાં મળે છે. આ યાત્રામાં જે મળે તે ચાલશે, ફાવશે, ભાવશેની ભાવના સાથે બધા યાત્રામાં જોડાયા છે. પણ શ્રી રાજીવભાઈની સૂઝ સારી છે. બધાએ રાત્રે પ્રાર્થના કરી વિરામ લીધો. બીજા દિવસની યાત્રાની શરૂઆત થાય છે. આજે બસ સાથે નથી રહેવાની. બસનો રસ્તો અલગ છે. અને પદયાત્રીનો

રસ્તો અલગ છે. સવારમાં સરસ મૌન સાથેની યાત્રા, ત્યારબાદ ધૂનો અને અલગ અલગ એકશનમાં પદો ગાવાની મજા આવે છે. પદયાત્રી ૧ થી ૩ કિલોમીટરની વચ્ચે રહે છે. જે પદયાત્રી પહેલી વાર હિમાલયમાં આવેલ છે. તે સૌ હિમાલયને કૅમેરામાં કેદ કરવા માંગે છે. એટલે ચાલમાં થોડો ફરક પડે છે. પણ એ પણ એક યાત્રાનો ભાગ છે. 'હિમાલયના પત્રો'માં જે પદયાત્રીનાં લગ્ન થઈ ગયા છે. તેઓ માટે પણ એક રાહતનો સંદેશ આપે છે. પૂ.શ્રી કહે છે; 'લગ્નજીવન નકામું નથી. સામાન્ય જન માટે તે અતિ આવશ્યક છે, જે બહુ ઉચ્ચ થઈ ગયા હોય છે તેમને તો એની પોતાને માટેની નિરર્થકતા આપોઆપ હોય છે ને લાભદાયી નીવડે છે. લગ્ન વિના એક હૃદય ઉચ્ચ થતું હોય છે તો લગ્નથી બે હૃદય ઉચ્ચ થતાં હોય છે.' એટલે આપણે એ બહાનું ધરી સાધનામાં પાછા પડવાનું નથી. જેનાં લગ્ન નથી થયાં એ લોકો એમણે જરૂર વિચારવાનું છે. કે હવે શું કરવું? બપોરના વિરામ પર 'હિમાલયના પત્રો'નું વાંચન થાય છે. અને ગરમ ગોટા તૈયાર થાય છે. આજની યાત્રામાં શ્રી રાજેશ ટેલરને તકલીફ પડે છે. પણ એ બાળકની શ્રદ્ધા વધારવા માટે જાણે આખી યોજના કરી હોય તેમ લાગે છે. આજે તે બે ત્રણ જણના ખભાનો સહારો લઈ પદયાત્રા કરે છે. અને પૂ.શ્રી'મા'નાં ભજનો અને પૂ.શ્રીની વાતો વાગોળે છે. એ બાળકને સંપૂર્ણ ભરોસો છે કે હું આ યાત્રા પૂરી કરી શકીશ. શાબાશ યુવાન ! તારા આજ જુસ્સાની તો જરૂર છે. આ જ જુસ્સો આગળની યોજનાઓ માટે જરૂરી છે અને બીજા અનેક માટે પ્રેરણા ધરનારો છે. આજના ઉતારા પર ૬.૩૦ વાગી જાય છે. અને આ જંગલી જાનવરો માટેનો સ્વર્ગ સમો જંગલ



વિસ્તાર છે. પૂ.શ્રી'મા'નો પહોંચતાંની સાથે ફોન આવે છે કે પહોંચી ગયા? જંગલમાં છો? પૂ.શ્રીમાની દિવ્ય દૃષ્ટિ અને ચેતના સરસ રીતે બધું જોઈ શકે છે. એ બધા અનુભવે છે. પૂ.શ્રી'મા'ને પણ આપણે ઓળખી શકતા નથી. અને એ આપણું ગજું નથી. કે આપણે એમને સમજી શકીએ. ઓળખી શકીએ. જન્મોના જન્મો લાગશે પણ આપણે પ્રાર્થના કરીએ પૂ.શ્રીમા સતત સાથે ને સાથે જ રાખજો જન્મોજન્મ આપનાં યુગકાર્યમાં અમને સાથે રાખજો. આજની યાત્રા પૂર્ણ થઈ, બસમાં બેસી અત્યાર સુધીના સર્વ શ્રેષ્ઠ ઉતારા પર પહોંચી ગયા. હે મા, આવી રીતે અમારા જીવનયાત્રાના સંઘર્ષમાં આવી કૃપા કરજો જેથી જીવનયાત્રા પણ સરસ રીતે પૂર્ણ કરી શકીએ.

આજે ચોથો દિવસ છે. દીપકભાઈની હૉટલ પર બસમાં બેસીને આજની યાત્રા માટે તૈયાર થઈ જાય છે. હવે ચઢાણવાળો રસ્તો આવે છે. એટલે આજે બધાએ થોડો શ્રમ ઉઠાવવો પડશે. પણ પૂ.શ્રીમાની કૃપાથી આ પડકાર પાર પાડવા યુવા મંડળી તૈયાર છે. આજનું વાતાવરણ ખૂબ દિવ્ય છે પૂ.શ્રી પ્રભુ આસપાસ હોય તેમ સતત અનુભવાય. શ્રી ગંગાજીના વિશાળ જળરાશી ઉપર પૂ.શ્રી ઊભેલા તેમ ભાસ થાય છે. પૂ.શ્રીનું કેટલું વિરાટ સ્વરૂપ ત્યાં સ્થિત હોય તેમ આ આંખોએ નિહાળવાની કોશિશ મન સતત કરતું રહે છે. પૂ.શ્રીને પ્રાર્થના પણ થતી રહે છે. 'હે પ્રભુ, આપ સાથે રહેશો. સતત સાન્નિધ્ય ધરતા રહેજો.' શ્રી હિમાલયની હવા જાણે પૂ.શ્રી હોવાની અનુભૂતિ કરાવે છે. ત્યારે તો આ વાતાવરણ આવું દિવ્ય લાગતું હશે. પૂ.શ્રી પ્રભુ 'હિમાલયના પત્રો'માં જણાવે છે કે; હંમેશાં સારી ભાવના કેળવતા જાઓ. શુદ્ધ વિચાર સેવ્યા કરો ને 'મા'ના સાન્નિધ્યમાં

બનતો સમય પસાર કરો. એટલે ગમે તે પ્રસંગ આવશે, તેની અંદર સ્મિત સચવાશે જ. આપનું હૃદય તેમાંથી આપોઆપ પ્રગતિ શોધી લેશે.' શ્રી નારાયણકાકા પણ સાધનાપંથે પ્રગતિ કરતા રહેતા અને તેમને જે અડચણો આવતી તેના માટે પૂ.શ્રી પ્રભુને પત્રમાં જણાવતા અને આમ શ્રી નારાયણકાકા સાથેનો વાર્તાલાપ જે છે તે વાર્તાલાપ જાણે આપણને યુદ્ધભૂમિમાં ઊભેલા શ્રી કૃષ્ણ અને શ્રી અર્જુનના જાણે સંવાદો હોય તેમ અનુભવાય છે. આજે ફરી રાત્રિનું રોકાણ ટિહરી રિસોર્ટ પર છે. આજની યાત્રા પૂર્ણ થયા પછી પાછા ઉતારા પર બસમાં પાછા ફરીએ છીએ આજે સાંજે એક શિવ મંદિરમાં ભોજનની વ્યવસ્થા આયોજિત થાય છે પરમ શક્તિની ઇચ્છાથી જ કદાચ આ વ્યવસ્થા ઊભી થઈ છે. બહુ સરસ મંદિર છે. બહુ પવિત્ર જગ્યા છે. અને શિવમંદિરમાં બધા શિવપૂજા કરી અને ધન્યતા અનુભવે છે. અને ત્યાં સૌ પ્રણામ પણ કરે છે. બહુ શાંતિવાળું સ્થાન છે. પૂજારી પણ બહુ અનુકૂળ છે. સેવાભાવી છે. આજે સોમવાર પણ છે અને શિવ અને જીવનું જાણે મિલન આ પણ પરમ કૃપાળુ પરમાત્માની જ કોઈ યોજના હશે. આજની યાત્રા પૂર્ણ થઈ. આભાર પૂ.શ્રી'મા'.

યાત્રાનો પાંચમો દિવસ છે. આજે આકાશ જાણે નીચે આવી ગયું હોય તેમ લાગે છે. ઠંડીનું સામ્રાજ્ય પણ આજે છવાયું છે. અદ્ભુત નજારો છે. શ્રી ગંગાજી અને આકાશ બંને એક સાથે છે શ્રી ગંગાજીને પોતાની સફેદ ચાદરથી ઢાંકી દેતા હોય તેમ દેખાય છે. આજે સતત ચઢાણ છે. સાધારણ પરિશ્રમ કરવો પડે છે. પણ બધા પદયાત્રીઓ મસ્ત બની પદયાત્રા કરતા રહે છે. કોઈ વ્યસની નથી કે કોઈને કશી જાતનું વળગણ પણ નથી. અને



બધા પોતપોતાના વ્યવસાય કે સગાવ્હાલાંને ભૂલીને પૂ.શ્રીની આ બે તીર્થ વચ્ચેની યાત્રામાં પૂ.શ્રીની પગદંડી શોધવામાં મસ્ત છે. આજે રસ્તામાં ચંદ્રવદનીદેવીનું બોર્ડ આવે છે અને મન ત્યાં જવા માટે સતત ચિંતન કરે છે. પણ આયોજકો જે નિર્ણય લે તે માન્ય છે, છતાં પણ પૂ.શ્રી ચંદ્રવદની દેવી તરફ મનનું ખેંચાણ થયા કરે છે. આજે જ્યાં યાત્રા પૂરી થાય છે ત્યાંથી ચંદ્રવદની જવાનો રસ્તો છે ત્યાંથી ૭ કિલોમીટર છે. બધા ભેગા થાય છે અને પૂ.શ્રી'મા'નો શ્રી ઈશ્વરભાઈ પર ફોન આવે છે અને શ્રી અજયભાઈ પ્રસ્તાવ મૂકે છે અને પૂ.શ્રી'મા' સંમતિ આપે છે કે જવાનું જ હોય ને. પૂ.શ્રીમા સાત્ત્વિક સર્વ ઇચ્છા પૂરી કરે છે એ સાબિત થાય છે. શ્રી ચંદ્રવદની દેવીની યાત્રા પણ સરસ રીતે પૂર્ણ થઈ શકી. આજે મહિલા આશ્રમમાં ઉતારો હતો. રાત્રે પ્રણામ કરી આ યાત્રા પૂર્ણ થઈ.

આજે વિજયોત્સવ મનાવવાનો દિવસ છે. આજે યાત્રાનો છેલ્લો દિવસ છે પણ જીવનયાત્રાની શરૂઆત થશે. એમ લાગે છે. આજે હવે નીચે ઉતરાણ છે કોઈને શ્રમ કરવાનો નથી. સહજ રીતે ઉતરતા જવાના છે. જીવનયાત્રાના સર્વોત્તમ શિખર પરથી નીચે પડતી થતી હોય ત્યાં કોઈપણ જાતનો સંઘર્ષ કરવો પડતો નથી. પણ જીવનયાત્રાના સર્વોત્તમ શિખર પર બિરાજમાન થવું હોય તો ખૂબ સંઘર્ષ કરવો પડે છે. આજે બધા દોડતાં દોડતાં ઉતરતા જોવા મળ્યા. લગભગ ૧૨.૩૦ વાગે વિશ્રામસ્થાન પર બધા બેસી ગયા હતા. બે પદયાત્રીની રાહ જોવાય છે. એ લગભગ ૧.૩૦ વાગે પહોંચે છે પૂ.શ્રી'મા'નો ફોન આવે છે : 'દેવપ્રયાગ પહોંચી ગયા ?' શ્રી રાજુકાકા કહે છે. 'ના 'મા', ૫ કિલોમીટર બાકી છે. કલાકમાં પહોંચી

જઈશું.' આજે પૂ.શ્રી'મા' દ્વારા પદ મળે છે તેને ગાતાં ગાતાં જવાનું છે એવો પ્રસ્તાવ શ્રી રાજુભાઈ જાની મૂકે છે અને સૌ સહર્ષ સ્વીકારે છે અને બધા ઝડપથી આ પદને ચાર ચારની લાઈનમાં ઝીલતા ઝીલતા દેવપ્રયાગ પહોંચી જઈએ છીએ.

**'પદયાત્રાના પગલે પગલે પૂજન પ્રભુનું કરીશું અમે**
**પગલે પગલે પવિત્ર બનતાં પ્રેમ કરીશું માને અમે**
**સ્વર્ગારોહણ સજ્જ કરીશું સંભાળીશું સાથ એ અમે**
**સઘળા સંકટ પાર કરીશું સૈનિક સાચા થઈશું અમે**
**જય જ્યોતિર્મય મા, જય યોગેશ્વર નાથ !'**

શોર્ટ કટથી શ્રી ગંગાજીના ઘાટ પર દર્શન કરી અને શ્રી ગંગાજીને પ્રણામ કરી બધા શાંતાશ્રમની કુટિયામાં પહોંચે છે અને ત્યાં બાવની, પ્રણામ વગેરે થાય છે અને ત્યાં પૂ.શ્રી'મા'ને શ્રી રાજુકાકા ફોન કરી કહે છે કે; 'અમે સીધા સ્વર્ગારોહણ આવીએ છીએ.' પૂ.શ્રી'મા'ની અનુમતિ મળે છે. પૂ.શ્રી'મા' ગંગાજી સ્નાન કરીને આવવા કહે છે. પણ શ્રી રાજુકાકા કહે છે. ઘાટ રાત્રે બંધ થઈ જાય અને અમે લગભગ રાત્રે ૯.૦૦ની આસપાસ પહોંચીશું. પૂ.શ્રી'મા' કહે છે સારું. પણ અમને મનમાં થાય છે કે જતા પહેલાં શ્રી ગંગાજીનું સ્નાન કરવા મળે તો કેવું સારું ! આ એક સાત્ત્વિક ભાવ મનમાં ઉઠે છે. એક બાજુ મનમાં થાય છે. રાત્રે ૯.૦૦ વાગે શ્રી ગંગાજી કેટલા શીતળ હશે. અને પ્રાર્થના કરી બસ હરિદ્વાર જવા પ્રયાણ કરે છે. રસ્તામાં ફરી પૂ.શ્રી'મા'નો ફોન આવે છે; 'શ્રી ગંગાજીમાં સ્નાન કરીને જ આવો.' આર્યનિવાસમાં જઈ ઘાટ પર સ્નાન કરવાનું કહે છે. શ્રી રાજુકાકા કહે 'પૂ.શ્રી'મા'ની જેવી આજ્ઞા.'



અને બસ આર્યનિવાસ પાસે લઈ જવામાં આવે છે. પણ આર્યનિવાસમાં બહુ ભીડ હતી અને ત્યાં ઘાટ પણ બંધ હતો પૂ.શ્રી'મા' ગણેશઘાટ પર સ્નાન કરવાની સૂચના આપે છે. આમ ફરી એક સાત્ત્વિક ઈચ્છા પૂ.શ્રીમાએ પૂરી કરી એવો ભાવ થાય છે અને પાછા બધા શ્રી ગણેશઘાટ પહોંચે છે. પૂ.શ્રી'મા' બે વિકલ્પ આપેલ છે એક પંચાંગ સ્નાન અને બીજું સ્નાન, પણ મેં તો નક્કી કર્યું કે સ્નાન કરવું અને પૂ.શ્રીમા કેવો ચમત્કાર કરે છે તેની અનુભૂતિ જ્યારે શ્રી ગંગાજીમાં ડૂબકી લગાવી ત્યારે આવ્યો શ્રી ગંગાજી જાણે પોતાના સ્વભાવ છોડી એકદમ હૂંફાળા બની ગયા અને જાણે મારો બધો થાક હરી લીધો અને પોતાની ગોદમાં બેસાડી સ્નાન કરાવી રહ્યા હોય તેવો ભાવ જાગ્યો અને મેં પાંચ ડૂબકી મારી અને સ્નાન કરતાં પહેલાં ૧૧ પ્રણામ અને સ્નાન કર્યા પછી ૧૧ પ્રણામ દંડવત્ થાય છે અને પછી ભોજનપ્રસાદી લેવા જઈએ છીએ અને ભોજન બાદ ફરી આર્યનિવાસ જઈ ૧૦૮ પ્રણામ શ્રી ગંગાજીને આભારના થાય છે. અમે સૌ પદયાત્રી રક્ષાયેલા રહી શક્યા એને માટે ! એ અમારી નૈતિક ફરજ છે એમ લાગ્યું એટલે થયા છે.

હવે સ્વર્ગારોહણ તરફ જવા બસ રવાના થાય છે. સૌ આનંદવિભોર છે. સારથિભાઈ બહુ સારી રીતે પોતાની ફરજ બજાવે છે અને રસ્તામાં પણ એક બે વાર કૃપાપ્રસંગ બને છે અને કોઈ પણ રીતે હેરાન થયા નથી. અમારી ગાડીમાં પંચર પડ્યું નથી કે કોઈ અકસ્માત પણ નડ્યો નથી કે કોઈ ટ્રાફિક જામ પણ નથી. પૂ.શ્રી પ્રભુની કેવી સરસ યોજના ઘડી કે વિનાવિઘ્ને સૌને સુરક્ષિત સ્વર્ગારોહણ પહોંચાડ્યા અને એ પણ ઝડપથી ! હે પ્રભુ,

આપ જ આ સારથિભાઈમાં આવી વસ્યા હશો તો જ આ રીતે પહોંચી શકાય ? પૂ.શ્રી પ્રભુ ક્યાં, કેવી રીતે, મદદ કરે છે. તે આપણને શું ખબર પડે ? જ્યાં જ્યાં જરૂર હોય તે ત્યાં મળી રહે છે. બસમાં સૂચના મળે છે. કોઈએ મોટેથી નારા લગાવાના નથી. ચૂપચાપ કુટિયામાં જઈ પ્રણામ કરી અને પૂ.શ્રી પ્રભુ પાસે જઈ વરદ હસ્તની પ્રાર્થના કરવાની છે. બધા તે સૂચન ને વધાવે છે. અને બધા તેનો અમલ કરે છે. પૂ.શ્રી'મા'એ ગુલાબ મોકલ્યા છે જે પૂ.શ્રી'મા'ના પ્રેમના પ્રતીક સમું ગુલાબ પ્રાપ્ત કરી અને મનમાં થાય છે; 'હે 'મા', અમે પણ આ ગુલાબ જેવા આપના પ્રેમના પ્રતીક સમા બની જઈએ.' પૂ.શ્રી'મા'ને મૌન છે. એમ જાણવા મળે છે. પણ પૂ.શ્રી'મા'ને એક વિનંતી કરવામાં આવે છે. કે, 'હે 'મા' ! આપનાં દર્શન કરવાની પદયાત્રીઓની ઈચ્છા છે અને પછી તેઓ ભોજન કરવા જશે.' આજે શ્રી જીતુભાઈ મિસ્ત્રી તરફથી ભોજન પ્રસાદ પ્રાપ્ત થવાનો હતો. પૂ.શ્રી'મા' કૃપા કરી બધાને દર્શન આપે છે અને કેડબરીનો પ્રસાદ આપે છે.

'કોઈને સ્વર્ગારોહણ છોડવાનું નથી' પૂ.શ્રી'મા' કહે છે. બધાને યાત્રા વિશે બોલવાનું છે. પછી જ સ્વર્ગારોહણ છોડવાનું છે દરેક બેઠકમાં ચાર જણ બોલશે. એમ નક્કી થાય છે. બધા પદયાત્રી પોતાના પ્રતિભાવ આપે છે. ફરી પ્રસાદ પ્રાપ્ત થાય છે. પૂ.શ્રી'મા' પાસેથી આઈસ હલવાનું બોક્ષ મળે છે. બધાને એમ કે અંદર હલવો હશે. પણ એક સરસ બોક્ષ હતું તેમાં એક રૂમાલ અને તે રૂમાલમાં પૂ.શ્રી'મા'ના કૃપાઆશિષ હતા અને એક પર્સ હતું અને તેની ઉપર પૂ.શ્રી'મા'ના હસ્તાક્ષર અંકિત



થયેલ હતા. પૂ.શ્રી'મા' પાસેથી ફરીથી શ્રી લક્ષ્મીજીનો પ્રસાદ મળે છે. અને એક શાલ મળે છે. બિસ્કિટનો પ્રસાદ પણ મળે છે. એક કીચેઈન મળે છે તેના પર પણ 'ૐ યોગેશ્વર રક્ષમામ્' અંકિત કરેલું છે. આ યાત્રામાં ૭૫૦૦/-નો ખર્ચ થાય છે તેમાંથી પૂ.શ્રી'મા' એ ૫૦૦૦/-તો પાછા પ્રસાદરૂપે આપી દીધા અને બાકીની બધી વસ્તુઓ થઈને એક પણ રૂપિયો ખર્ચ્યા વગર બધાને પૂ.શ્રી'મા'એ આ યાત્રા કરાવી ! પૂ.શ્રી'મા', આપનું આ ઋણ અમે ક્યારે અદા નથી કરી શકવાના પણ આપનું ઋણ વધારતા જઈએ એ વાળવા ફરી જન્મ થાય તો પણ આપની આસપાસ જ હોઈએ ! 'પૂ.શ્રી'મા', અમો સૌ પદયાત્રી આવી પદયાત્રા દર વર્ષે કરીએ અને પૂ.શ્રી પ્રભુની કંડારેલી કેડી પર આગળ વધવાની કોશિશ કરીએ. એવા આશીર્વાદ આપજો.' પૂ.શ્રી'મા', આપનો ખૂબ ખૂબ આભાર.

પૂ.શ્રી'મા' રાત્રે બેઠકમાં સૂચન કરે છે જે સૌને ઉપયોગી છે અને અમારા સૌ માટે તો અવિસ્મરણીય રહેશે.

(૧) હિમાલયની યાત્રાથી પવિત્ર થયેલા આ પગથી થિયેટર કે લારી ઉપર જવું શોભે ? આ પગથી સત્સંગ અને પ્રભુ તરફ જવાનું છે. (૨) આ પદયાત્રા એ દૈનિક જીવનમાં ચાલવાનું શરૂ કરવા માટેની ચાવી છે નજીકમાં જવું હોય તો રિક્ષામાં બેસી ન જતા, એમ વિચારવું કે બાઈકની કિક મારવા કરતા ચાલવું સારું (૩) આરોગ્ય માટે બે વસ્તુ; નિર્જળા અને પ્રણામ (૪) ચાલતા રહેશો તો બધું ચાલતું રહેશે. (૫) પ્રભુ આપણને યાદ કરે છે કે નહીં તેની ચિંતા કરવાની નથી પણ આપણે પ્રભુને યાદ કરીએ

છીએ? ભૂલી ન જઈએ તેની જ ચિંતા કરવાની છે. (૬) આટલું ચાલ્યા છો તો હવે નિયમિત ચાલવાનું ચાલુ રાખજો. (૭) બધા પોતાની યાત્રાની નોંધ લખજો.

પૂ.શ્રી'મા' કેટલા સંવેદનશીલ છે તે પણ જોવા મળે છે. પૂ.શ્રી'મા' કહે છે કે; 'કુટિયા પાસેનો ઓટલો પૂ.શ્રી'મા'ને ફરિયાદ કરે છે. મારો કોઈ ઉપયોગ કરતું નથી. અહીં શું કરું?' પૂ.શ્રી'મા' કહે છે. આપ સૌ કહો આ ઓટલાનું શું કરવું જોઈએ? બધા કહે છે; 'પૂ.શ્રી'મા' ઓટલાનું વિસર્જન કરી દો' અને પૂ.શ્રી'મા' ફરી વાર પૂછે છે સાચે શું કરવું જોઈએ બધાએ એકીઅવાજે વિસર્જન કરવું જોઈએ તેમ કહ્યું. પૂ.શ્રી'મા' કહે આ ધરતીને શ્વાસ લેવા દો આ ધરતી ઉપર પથ્થરો પાથરી પાથરી એના પર બોજ ના વધારો. સ્વર્ગારોહણમાં નિર્જીવ સ્મારકો ઊભા નથી કરવા. દશરથ પર્વત ઊભો નથી કરવો. દશરથથી જે રજ લાવ્યા હતા તે પૂ.શ્રી'મા'એ કુટિયા પાસેના બાગને ધરી દેવડાવી આ સત્કર્મ પણ સૌ પદયાત્રી કરે છે. અને પૂ.શ્રી'મા' ઓટલાના વિસર્જન માટે સૌ સ્વર્ગારોહણના ભક્તોની પાસે શ્રમયજ્ઞ કરાવે છે. અને સૌના જન્મોનાં પાપોનો ક્ષય કરે છે અને સતત પૂ.શ્રી'મા' પોતાનું સાન્નિધ્ય ધરે છે. આભાર પૂ.શ્રી'મા'. આપને કોટિ કોટિ પ્રણામ !

**'જેણે તારો રાહ છે ઝાલ્યો જેને તારો એક સહારો,**
**તેને તેને આંગળી આપી દોર્યા વિના ચાલશે ના,**
**પ્રેમ કર્યા વિના ચાલશે ના...'**

**—અશ્વિન કાકા**



# ॥ બાળકોની સાઈકલયાત્રા ॥

## (બ્રહ્મપુરીથી સ્વર્ગારોહણ)

(દિવસ : ૧, કિલોમીટર : ૮૭)

પૂજ્ય શ્રી'મા'ની અનન્ય પ્રેરણાથી આયોજિત થયેલી વર્ષો પહેલાંની બહેનોની સાઈકલયાત્રા કે યુવા સાધક ભાઈઓની પદયાત્રા; તેમાં વધુ એક યશકલગી એટલે નાનાં બાળકોની સાઈકલયાત્રા. વસંતવાટિકાની યુવા બહેનોની સાઈકલયાત્રા 'સરોડાતીર્થ'થી 'બ્રહ્મપુરીતીર્થ' પૂ.શ્રી'મા'ની કૃપાથી પૂર્ણ થઈ. અને તે સાઈકલો 'સ્વર્ગારોહણ' તીર્થધામ લાવવા માટેનું કામ પૂ.શ્રી'મા'એ અમને 'રથી મંડળી'ને સોંપ્યું અને જોત જોતામાં ૨૨ બાળકો યાત્રા માટે તૈયાર થઈ ગયા !

(૧) શ્રી હર્ષ પરમાર ૧૩ વર્ષ (૨) શ્રી દ્રષ્ટા શુક્લા ૧૫ વર્ષ (૩) શ્રી અત્રી કણઝારિયા ૧૮ વર્ષ (૪) ઉત્સવ જાગાણી ૧૩ વર્ષ (૫) પાર્થ ચુડાસમા ૧૩ વર્ષ (૬) ઉત્સવ પરમાર ૧૫ વર્ષ (૭) રથી પુરોહિત ૧૩ વર્ષ (૮) જતન જોષી ૧૩ વર્ષ (૯) અમન જોષી ૧૪ વર્ષ (૧૦) પથિક મિસ્ત્રી ૧૪ વર્ષ (૧૧) નિર્ભય કાકા ૧૬ વર્ષ (૧૨) વ્રજ જાની ૧૮ વર્ષ (૧૩) નૈતિક આચાર્ય ૨૦ વર્ષ (૧૪) સાત્વિક પટેલ ૧૪ વર્ષ (૧૫) વ્રજ પટેલ ૧૫ વર્ષ (૧૬) વિરાજ કથકીયા ૨૩ (૧૭) વૈભવ કાકા ૨૨ વર્ષ (૧૮) દિપ ગોહિલ ૨૩ વર્ષ (૧૯) આશિષ જોષી ૪૯ વર્ષ (૨૦) અશ્વિન કાકા ૫૦ વર્ષ (૨૧) શ્રી તારકભાઈ વ્યાસ (૨૨) શ્રી તારક અમીન (૨૩) શ્રી રાજીવ જાની (૨૪) અભિરાજ કથેરિયા ૨૧ વર્ષ (૨૫) જશ બેરાવાલા.

પૂ.શ્રી'મા' આશિષભાઈને પૂછે છે કે તમે અને અશ્વિન ઘરડા થઈ ગયા છો? તમારે સાઈકલ નથી ચલાવવી? અને આશિષભાઈ અને અશ્વિનભાઈ તૈયાર થઈ ગયા ! પૂ.શ્રી'મા'ની આજ્ઞા શિરે ચઢાવી. આ યાત્રાનું શ્રી રાજીવભાઈ સંચાલન કરવાના હતા.

પૂ.શ્રી'મા'નું પ્રાગટ્યપર્વ આજે ઉજવાઈ રહ્યું હતું. આજે સાધનાદિન જાહેર કરેલો હતો. અને તેમ છતાં પૂ.શ્રી'મા'નો કેવો અનુગ્રહ કે પૂ.શ્રી'મા' સૌને કૃપાપ્રસાદ આપવા સૌ બાળકોને રૂમમાં બોલાવે છે. અને સૌને કૅપ અને ખેસ મળે છે. તે ઉપરાંત લક્ષ્મીજીનો પ્રસાદ પણ બધા બાળકો પામે છે અને તે સિવાય સૂકોમેવો ને ઘણી વસ્તુઓ પ્રસાદમાં મળે છે. પૂજ્યશ્રી'મા' અને પ્રભુના નાનાં નાનાં સ્વરૂપો પણ બધા પામ્યા છે. અને જે કૅપ અને ખેસ છે તે બધાનું ઓળખકાર્ડ છે અને પૂ.શ્રી'મા'નો કૃપા આશિષપ્રસાદ જે દરેક બાળકે પોતાના મન અને મસ્તિષ્કની તથા શરીરની રક્ષા માટે ધારણ કરવાનો છે. અને તે ફરજિયાત છે. અને સાઈકલયાત્રા દરમ્યાન પહેરેલો જ રાખવાનો છે. બધા બાળકોના ચહેરા પ્રસાદ પામી આનંદ અનુભવે છે. અને પોતાના જીવનના નવા સાહસ માટેનો ઉત્સાહ તેઓના ચહેરા પર છલકાઈ રહ્યો છે. અને બધા પ્રસાદ પામી અને ચાર પાંચ અલગ અલગ ગાડીઓમાં બેસી અને યાત્રા માટેની જરૂરી વસ્તુઓ સાથે લઈ 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરી અમે 'સ્વર્ગારોહણ'તીર્થથી 'બ્રહ્મપુરી'તીર્થ જવા પ્રયાણ કરીએ છીએ.

આ બાળયુવાનોની ફોજ બ્રહ્મપુરી પહોંચે છે. રાત્રે શ્રી



રાજીવભાઈ અને શ્રી નારાયણભાઈ જાની અને શ્રી સતીષભાઈ જાનીને ઘરે બધાંની સુવાની વ્યવસ્થા થાય છે અને વહેલી સવારે યાત્રા શરૂ કરવાની હોઈ બધા પ્રાર્થના કરી સુઈ જાય છે. અને વહેલી સવારે બધા ઉત્સાહથી તૈયાર થઈ જાય છે. પ્રભાતે પ્રાર્થના અને પ્રણામ કરી, બધા અભૂતપૂર્વ ઉત્સાહથી સાઈકલો લઈ લે છે. જે બાળકોને જે સાઈકલ માફક આવે છે તે લઈ લે છે અને ૨૩ સાઈકલ અને ૨૨ બાળકો હોવાથી એક સાઈકલ ત્યાં રહી જાય છે. એ સાઈકલના નસીબમાં સ્વર્ગારોહણ સુધી પહોંચવાનું લખ્યું નથી કદાચ શ્રી નારાયણકાકાનું સાન્નિધ્ય ગમવાથી સુકૃતિની સાઈકલ ત્યાં રહી જાય છે !

બધી સાઈકલોમાં હવા, બ્રેક, ચેઈન, હેન્ડલ, સીટ વગેરે ફિટ કરાવી ૭.૪૫ વાગે યાત્રા શરૂ થાય છે. ગામડાનું સરસ વાતાવરણ, સ્વચ્છ હવા અને ટ્રાફિક વગરનો રસ્તો. બધા સરસ રીતે સાઈકલ ચલાવે છે આ સાઈકલ એક ચક્ર છે અને આપણું જીવન પણ એક ચક્ર છે 'સ્વર્ગારોહણ'થી 'ઘર' અને 'ઘર'થી 'સ્વર્ગારોહણ' વચ્ચે બધાંની જીવનયાત્રા ચાલે છે. બધા બાળકોમાં ઊંચાઈનો ફરક છે. તેમાં ઉત્સવ જાગાણી તો પોતાની સાઈકલ પર પગ પણ સાઈકલ પર બેઠા પછી નીચે મૂકી શકતો નથી. છતાં પણ સાઈકલયાત્રામાં જોડાયો છે તેનો આત્મવિશ્વાસ કેટલો બધો છે કે પૂ.શ્રી'મા' એ આશીર્વાદ આપ્યા છે તો આ યાત્રા પૂર્ણ થઈ જશે. સાઈકલયાત્રામાં વચ્ચે વચ્ચે થોડી સાઈકલો સત્યાગ્રહ કરે છે. અને સ્વર્ગારોહણ આવવાની ના પાડે છે તેવી સાઈકલોને પાના-પક્કડથી સાધના કરાવી અને પટાવી-મનાવી અને ફરી

સ્વર્ગારોહણ પૂ.શ્રી'મા'ના દર્શને આવવા સમજાવીએ છીએ અને પાછી તે તૈયાર થઈ જાય છે. પણ આ જીવની જેમ તે પણ પોતાનું ધ્યેય ભૂલી જાય છે અને પાછી આડી થાય છે અમે જે બાળકોની સાઈકલ અનશન પર ઉતરે તેની અમે લઈ એને અમારી આપી દઈએ જેથી એની યાત્રામાં વિક્ષેપ ના પડે !

બધા બાળકોની મંડળી ૧૪ કિલોમીટરની યાત્રા મંત્રજપ કરતા કરતા બપોરના ઉતારા શ્રી બિપિનભાઈના કંપા પર આવે છે. સરસ કુદરતના ખોળામાં જાણે પહોંચી ગયા હોય તેવું ગાઢ વન હતું. ત્યાં પહોંચીને સરસ મજાની પૂરી અને શાક અને ઠંડા દૂધનો પ્રસાદ પામે છે. શ્રી રાજીવભાઈ હોય ત્યાં બાળકોને ખાવાનો પ્રશ્ન ના હોય ! શ્રી રાજીવભાઈ પણ પૂ.શ્રી'મા'ની કૃપાથી સરસ આયોજન કરી શકે છે અને બાળકોને પ્રભુ વિશે, પૂ.શ્રી'મા' વિશે સતત જાગ્રત કરતા રહે છે. આ બાળકો તોફાની છે પણ આ યાત્રામાં તોફાન ભૂલી ભગવાનનું સ્મરણ કરવા માંડે છે એ કૃપા પૂ.શ્રી'મા'ના કૃપાઆશિષ જ કરાવી શકે કારણ આવું શિસ્ત આ તોફાની બાળકોમાં રાતોરાત ક્યાંથી આવી ગયું ? કોણ તેમનામાં જોશ ભરી ગયું ? પૂ.શ્રી'મા', એ આપની કૃપા જ છે.

શ્રી તારકભાઈ વ્યાસની ગાડી છે. બધા બાળકોને રસ્તામાં જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં પાણી, તેમની બેગ વગેરે પહોંચાડતા રહે છે. શ્રી તારકભાઈ અમીનની ગાડી પણ સેવામાં છે. તે પણ આગળનો રસ્તો બતાવવા આગળ ઊભા રહે છે જેથી બાળકો યાત્રાનો રસ્તો ભૂલી ન જાય ! પોતાનું ધ્યેય ભૂલી ના જાય એ માટે અને એ બાળકોને સાચો રાહ બતાવવા શ્રી રાજીવભાઈ પૂ.શ્રી



પ્રભુની વાતો કરે છે પૂ.શ્રીની નાની ઉંમરમાં પૂ.શ્રીના વિચારો કેટલા સારા હતા તે બધું તેમને સમજાવવાની કોશિશ કરે છે. શ્રદ્ધા રાખવાનું શીખવે છે. એમ કરતાં કરતાં વધુ ૨૨ કિલોમીટરની અંતર કાપી ખેડબ્રહ્મા પહોંચે છે. જ્યાં બપોરના ભોજનપ્રસાદનું આયોજન હૉટલમાં કરવામાં આવે છે. બધાની પસંદગીનું ભોજન હોવાથી બધા ભરપેટ આરોગે છે. અને આગળની યાત્રા માટે બાળકો તૈયાર થઈ જાય છે. ખેડબ્રહ્માથી લગભગ ૩૪ કિલોમીટર હળાદ સુધીની યાત્રા કરવાની છે. અને ફરી નવા ઉત્સાહ જોમ અને થનગનાટ સાથે યાત્રા શરૂ થાય છે.

બધાને રસ્તામાં જ્યુસ મળે છે. સાઈકલો દોડતી જાય છે. એક બે બાળકો થોડા ધીમા પડે છે. થોડો થાકનો અનુભવ કરે છે. એમને સમજાવીએ છીએ, પટાવીએ છીએ ! પણ તેઓની શારીરિક ક્ષમતા વધુ સાથ ન આપવાથી તેઓ ગાડીમાં બેસી જાય છે બે જ બાળકો ગાડીમાં બેસી જાય છે. અને તારકભાઈ વ્યાસ પણ સાઈકલયાત્રામાં જોડાય છે. એમને શારીરિક તકલીફો હોવા છતાં ઉત્સાહથી સાઈકલ ચલાવે છે. હવે હળાદ પહોંચી ગયા પછી ત્યાં રોકાવા વિશે ચર્ચા ચાલે છે. અહીં સ્વર્ગારોહણથી સ્વજનો આવ્યા છે. શ્રી રાજુકાકા છે. આગળનો રસ્તો હવે ૧૭ કિલોમીટર બાકી છે. બાળકોનો ઉત્સાહ છે કે, આપણે સ્વર્ગારોહણ પહોંચી જઈએ. રસ્તામાં નથી રોકાવું. આગળ રસ્તો ઘણો ખરાબ છે રાત પડી ગઈ છે. શ્રી રાજુકાકા બાળકોના અતિ ઉત્સાહ આગળ ઝૂકી જઈ આગળ જ્યાં રસ્તો ખરાબ હોય ત્યાં ચાલતા અને સારો હોય ત્યાં સાઈકલ ઉપર યાત્રા પૂરી કરવી એમ

નક્કી થાય છે. અને બાળકો નવ મંત્રથી આ સૂચન વધાવી લે છે અને શ્રી રાજુભાઈ સૂચન કરે છે કે સાઈકલોની આગળ એક ગાડી અને પાછળ એક ગાડી રાખી વચ્ચે બાળકો સાઈકલ ચલાવશે એમ નક્કી થાય છે. પણ હવે ખરી પરીક્ષા સાઈકલયાત્રીઓની હતી. બધા બે બે ની લાઈનમાં ધૂન ગાતાં ગાતાં સાઈકલયાત્રા ચાલુ કરે છે. અને એટલા બધા ખરાબ રસ્તા છે કે સાઈકલ પંચર થયા વગર રહે નહીં કે બાળકો સાઈકલ પરથી પડ્યા વગર રહે નહીં. પણ પૂ.શ્રી'મા' જગતજનનીની કૃપા સૌએ અનુભવી. બધાની સાઈકલ જાણે આપમેળે ચાલતી હોય તેમ લગભગ બધાએ અનુભવ્યું અને કોઈપણ સાઈકલ અનશન પર ના ઉતરી કે ન તો આડીઅવળી ગઈ. કોઈ ધબાયનમઃ પણ ના થયું ! અને રાત્રિનું ભોજન સ્વર્ગારોહણથી બધા યુવાનોની મંડળી લઈ આવે છે ગરમાગરમ ભાત અને મગનો સાત્ત્વિક પ્રસાદ આ કુદરતના ખોળે બેસી સૌ આરોગે છે. બધાંનો ઉત્સાહ ઔર વધી ગયો છે હવે ૯ કિલોમીટરની યાત્રા બાકી છે. એક સાઈકલ પોતાનો પગ ગુમાવી ચુકી હતી અને એક સાઈકલની ટ્યુબમાં હવાનો અભાવ હતો. હવા વગર ચાલવાનો સાઈકલનો સ્વભાવ નથી. કિર્તનભાઈ અને કનુભાઈ એ સાઈકલો દોરી લાવે છે અને પૂ.શ્રી'મા' પાસે પહોંચવા બધા બાળકો થનગની રહ્યાં હોય છે ત્યાં આ બાળકોની આ સાહસયાત્રામાં એક પુણ્યજીવ તરીકે એક શ્વાનકુમાર પણ 'સ્વર્ગારોહણ' તીર્થના દ્વાર સુધી સાથે જ રહે છે !

'સ્વર્ગારોહણ'થી સૂચના મળે છે કે સર્વેએ કોઈપણ જાતના અવાજ વગર મૌન રહી 'સ્વર્ગારોહણ'માં પ્રવેશવાનું છે કુટિયામાં પ્રણામ કરવાના છે અને સ્વર્ગારોહણના પૂ.શ્રી પાસે



'વરદ હસ્ત'ની પ્રાર્થના કરવાની છે. બધાં લગભગ ૯.૩૦ થી ૧૦.૦૦ની આસપાસ સ્વર્ગારોહણ પહોંચે છે લગભગ ૮૭ કિલોમીટરની યાત્રા આ પૂર્ણ કરી અને સ્વર્ગારોહણ પહોંચે છે. સ્વર્ગારોહણનાં સૌ સ્વજનો મુખ્ય દરવાજાથી આજુબાજુ ગોઠવાઈ ગયા છે. બધા અદમ્ય ઉત્સાહથી વધાવે છે. બધાં બાળકોના માનસપટ પર આ સ્મૃતિ કાયમ માટે કંડારાઈ જશે. જાણે હિમાલયનાં સર્વોચ્ચ શિખર સર કરીને આવ્યા હોય તેવો તેમના મુખનો ભાવ હતો. પૂ.શ્રી પાસે પ્રાર્થના કર્યા પછી શ્રી દેવાંગભાઈ અને રક્ષિતાબેન તેમજ સ્વર્ગારોહણનાં સૌને વિસ્મય થાય છે કે કેવી રીતે એક દિવસમાં ૮૭ કિલોમીટરની યાત્રા આ બાળકો પૂર્ણ કરી શક્યા ? આ બાળકો પણ પૂ.શ્રી'મા'ની શક્તિ જ સૌ બાળકોમાં ઉતરી અને આ સાહસ કરાવ્યું. ખાલી બધાએ શ્રદ્ધા રાખવાની હતી અને હિંમત રાખી યાત્રામાં જોડાવાનું હતું. બાકી બધું તો પૂ.શ્રી'મા'ની દિવ્ય ચેતના જ આ સાહસ પૂર્ણ કરવાની હતી.

દરેક યાત્રાની જેમ આ યાત્રામાં પણ પૂ.શ્રી'મા' સાથે બાળકોની ૧૫/૧૧/૨૦૧૮ના રોજ બેઠકમાં મુલાકાત થાય છે. પૂ.શ્રી'મા' અજાણ્યા થઈ પૂછે છે કે, 'અમને પણ કલ્પના ન હતી કે બાળકો એક જ દિવસમાં આવું સાહસ કરશે.' આ જગતના કર્તાહર્તાની કેટલી વિનમ્રતા અને કેટલો સાદગીભર્યો વ્યવહાર છે જેણે બધું પોતે જ કર્યું છે. એવું પૂ.શ્રી'મા' જાણે જ છે બાકી આપણે બધા તો કઠપુતલી જેવા જ છીએ આપણા બધાંની દોર પૂ.શ્રી'મા'ના હાથમાં જ છે. પણ આપણને પ્રોત્સાહન આપવા વિસ્મય પ્રગટ કરે છે. કે 'ઓહો ! તમે એક દિવસમાં આ સાહસ

કરી શક્યા ?' સાઈકલયાત્રી બાળકો 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરે છે. પૂ.શ્રી'મા' બાળકોને ત્રણ પ્રણામ કુટિયામાં જઈ કરવાનું કહે છે. પૂ.શ્રી'મા' પૂછે છે. ધોતી કોણે કોણે જાતે પહેરી ? તમને હમણાં તિલક કોણે કર્યું ? કોણ ઓળખે છે ? પૂ.શ્રી'મા' જવાબમાં કહે છે. આ તો સંન્યાસી મહારાજ છે એમનું નામ શંકરાનંદજી. વર્ષોથી સ્વર્ગારોહણમાં નિયમિત આવતા, પૂ.શ્રીનું પ્રથમવાર આબુમાં દર્શન કર્યું હતું અને પછી જીવન સરસ રીતે બદલાઈ ગયું ! અને આજે તો ઘણા વરસથી સંન્યાસ પણ લીધો છે. એ તો પાલનપુરના જ હતા. તમે ૧૩મી એ રાત્રે મંચ ઉપર બાપજીને જોયા હતા તેમના જ આ મોટાભાઈ છે.

એક માતાના બે સંતાન. પ્રભુને પંથે જીવન સમર્પિત કર્યું. તે કેટલું મોટું ઐતિહાસિક નોંધપાત્ર કહેવાય ! એમના હાથે તમને ગંગાજળનું તિલક કરાવ્યું ! કારણ તમે પણ એમના જેવા ત્યાગ, સમર્પણ, સમજ અને શ્રદ્ધા સાથે જીવન જીવો એવી ભાવના સૌની છે. ત્યાગના પંથે છે પણ કદી સ્વર્ગારોહણ ભૂલ્યા નથી. પૂ.શ્રી'મા' કહે છે; 'આપણે સાઈકલયાત્રા કરવી છે કુટિયા સુધીની ?' પણ કુટિયામાં જઈએ તો હાથ જોડીને કરવી પડે ? પૂ.શ્રી'મા' નાનાં બાળકોને પૂછે છે કેવી સરસ રીતે, સુરક્ષિત રીતે સાઈકલ ચલાવીને અહીં આવી ગયા. પૂ.શ્રી'મા'ને બે બાળકોની ચિંતા હતી અને પાર્થ અને હર્ષની જે બહુ નાના છે. પણ પ્રભુએ રક્ષાયેલા અહીં ઉતાર્યા ! તમને લાગે છે કે આ યાત્રા તો નાનકડી અને રમત જેવી લાગી ? પૂ.શ્રી મા સાઈકલયાત્રી બાળકોને પૂછે છે. પૂ.શ્રી'મા' કહે છે; 'આતો તમને સરસ પ્રેક્ટિસ થઈ ગઈ.



એટલે હવે રાજીવભાઈ કોઈ દિવસ તમને સ્વર્ગારોહણતીર્થથી કર્પૂરવનતીર્થની સાઈકલયાત્રા કરાવશે. એ યાત્રા માટે કોણ કોણ તૈયાર છે ?' પૂ.શ્રી'મા' પૂછે છે. 'તમારી યાત્રા વિશે તમારે બોલવું છે ? જિંદગીમાં કોણે આવી લાંબી મુસાફરી સાઈકલની કરી હતી ?'

શ્રી અમન જોષી, પાર્થ ચુડાસમા અને અન્ય સાઈકલયાત્રીઓ યાત્રા વિશે બોલે છે. પૂ.શ્રી'મા' કહે છે રાજુકાકાએ જાણી જોઈને સરકસની જેવી તૂટીફૂટી આઈસ્ક્રીમ જેવી સાઈકલ લીધી હતી. પૂ.શ્રી'મા' પાર્થને વાતચીત કરતાં પૂછે છે. બીજી યાત્રામાં જોડાવું છે ? મમ્મીએ શું શીખવાડ્યું છે ? પાર્થ કહે સાઈકલની છ વાર ચેઈન ઉતરી ગઈ. પૂજ્યશ્રી'મા' કહે બાર બાર વાર ઉતરવી જોઈએને ? 'ૐ મા રક્ષમામ'ની ધૂન બોલવી એવું પાર્થની મમ્મીએ શીખવાડ્યું હતું. પૂ.શ્રી'મા' કહે ખૂબ ભૂખ લાગતી હતી કે બધાએ ઉપવાસ કરેલો ? બાળકો : ના મા ઉપવાસ ન હતો કર્યો. ઉત્સવ અને વિરાજ બોલે છે. નિર્ભય અને હર્ષ કહે છે. 'આખી યાત્રા ન થઈ હતી.' પૂ.શ્રી'મા' કહે છે. 'થઈ જ ગણાય હિંમત રાખીને જોડાય એટલે થઈ જ ગણાય !' દ્રષ્ટા, વ્રજ, નૈતિક, અભિરાજ, રથી, નિર્ભય વગેરે પણ બોલે છે. રથી કહે યાત્રા ૭૦ કિલોમીટર કરી. પૂ.શ્રી'મા' કહે ૭૦ કિલોમીટર તો કપાયા ! બધાએ ટોપી પહેરી હતી એ જ તમારું આઈ.ડી હતું(રક્ષાકવચ) પૂ.શ્રી'મા' કહે છે તમે એક જ દિવસમાં આવી જશો એવી તો અમને પણ કલ્પના ન હતી. આપણને આપણી શક્તિનું ભાન થયું. આપણું મન કેવું છે એનું પણ જ્ઞાન થયું. આપણી સંભાળ પ્રભુએ કેવી રાખી એ પણ જોવા મળ્યું. એક જ

દિવસમાં તમે ધારો તે કરી શકો. એવી હિંમત વધી. 'હવે તમારે ક્યાંય જવું હોય તો સાઈકલ લઈને નીકળીશું એવું પાકું થયું.'

તમે આટલી સરસ યાત્રા કરો એટલે સ્વર્ગારોહણના સ્વજનોને એમ થાય કે આ બાળકોને વધાવવા જોઈએ. તો પેલા નયનાબેનને થયું કે બાળકોને હું પ્રસાદ આપું તો વળી શાંતિકાકાની ૩ દિકરીઓને થયું કે અમે પણ કંઈક પ્રસાદ આપીએ તો મીરાબેનને થયું કે હું પણ કંઈક આપું. આપણું સાહસ જોઈને સૌને આનંદ થાય ! ખાસ તો તમે ખૂબ નાના છો એટલે સૌને હોંશ થાય. એટલે હવે પ્રસાદ. પૂ.શ્રી'મા' કહે છે શ્રી શાંતિભાઈની ત્રણ દિકરી છે. (૧) રેખાબેન (૨) મીનાબેન (૩) નીતાબેન ત્રણેય તરફથી પ્રસાદ મળ્યો. હજી એક બેન બાકી છે. પૂ.શ્રી'મા' કહે છે મંત્ર પાસે ગજવામાં શું છે ? મંત્ર કહે છે પૈસા છે. પૂ.શ્રી'મા' કહે છે હવે સરોજ માસી તરફથી સરસ ઓઢવાની ચાદર મળવાની છે. પૂ.શ્રી'મા' કહે યાદ કરજો રોજ માસીને. 'હવે આજના હે ભૂદેવો ! તમારી દક્ષિણા એક થેલીમાં મૂકીને ઊભા થાવ. હવે કિર્તનભાઈ તરફથી અનલિમિટેડ આઈસ્ક્રીમ મળવાનો છે. પણ તે પહેલાં એક સરસ વાત સાંભળીએ !' પૂ.શ્રી'મા' આ બાળકોમાં કેવો પ્રાણ રેડે છે !

—સંકલન

'ખખડધજ કાટ લાગેલી જૂની બિસમાર પેટીમાં ખજાનો શોધવા બેસો અને 'બચપણ' મળી આવે !'



# ॥ પનામા 'યુવા-ધ્યાનશિબિર'ના પ્રતિભાવો ॥

## ॥ જયશ્રી ભક્ત ॥

પ્રણામ 'મા' !

હે 'મા' ! સૌ પ્રથમ આપનો ખૂબ ખૂબ આભાર કે આપની સંન્નિધિમાં પરદેશમાં યોજાયેલ યુથશિબિરમાં ભાગ લેવાનો અવસર મળ્યો. આપ જ સૌ અનુકૂળતા કરી દો છો તે બદલ ફરી ફરી આભાર સાથે આપના શ્રી ચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ.

હે 'મા' ! હે પરમમાતા ! આપનાં વિવિધ બાળકોની વિવિધ રુચિને ધ્યાનમાં લઈને તે સૌને પોતાની રુચિ પ્રમાણેનો માર્ગ જે પ્રભુપંથે આગળ વધારે ને પ્રભુ સુધી પહોંચાડે તે તેમને ખબર પણ ના પડે તે રીતે તેમને ધરી દેવામાં આપ ખૂબ કુશળ છો. વળી, કોઈ ક્ષેત્રમાં અરુચિ ધરાવનારને તે ક્ષેત્રમાં રુચિ ધરાવતો કરવા માટેની વિશેષ કળા આપ ધરાવો છો. આપની એ કુશળ કારીગીરીને વંદન હો. વંદન હો. વંદન હો.

આ યુથશિબિરના દરેક દિવસની શુભ શરૂઆત નિત્ય પ્રભાતે પૂ.'મા' સાથે પ્રણામ કરીને થતી. પૂ.'મા' સાથે સમયની અનુકૂળતા પ્રમાણે ૧૧, ૫, ૩ કે ૧ પ્રણામ કરવાનો સૌને લાભ મળતો. પ્રથમવાર જ આવી કોઈ શિબિરમાં ભાગ લેનાર કેટલાંક બાળકોને તો દંડવત્ પ્રણામની માહિતી સુદ્ધાં નહોતી. તેવા બાળકોને તે વિશેની માહિતી પૂરી પાડી તેમજ તે કેવી રીતે થઈ શકે તે પણ બતાવવામાં આવ્યું.

નિત્ય પ્રણામ પૂરા થાય પછી પૂ.શ્રી'મા' વિવિધ યોગાસનો કરે તે દર્શન પણ અનોખું હતું. પૂ.'મા' તેમાં હલાસન, સર્વાંગાસન, શીર્ષાસન, કુક્કુટાસન, પશ્ચિમોતાનાસન, ગુપ્ત પદ્માસન (પદ્માસન દંડવત્ પ્રણામની જેમ ઉલટા અને સીધા નમસ્કાર) તથા બીજી કેટલીક હળવી કસરતો કરતાં.

યોગાસનો બાદ પૂ.'મા' સૌ બાળકોની વચ્ચે બિરાજે અને પૂ.શ્રી પ્રભુનું પ્રવચન સૌને સંભળાવે. આ શિબિરનાં બાળકો બધાં પરદેશનાં હોઈ તેઓને પૂ.શ્રી પ્રભુની ગુજરાતી ભાષા સમજવામાં તકલીફ પડે માટે પૂ.શ્રી પ્રભુના જ અંગ્રેજીમાં થયેલા 'ધ્યાનયોગ' ઉપરનાં પ્રવચનો પૈકી રોજ એક પ્રવચન સંભળાવે. ખૂબ શાંતિથી બેસીને પૂ.શ્રી પ્રભુના આ ગહન વિષય ઉપરના પ્રવચનો સૌ પૂ.શ્રી'મા'ની સંન્નિધિમાં સાંભળે છે.

પ્રવચન પછી ધ્યાન. જે સાંભળ્યું તેનું અનુસરણ તરત જ ! ક્યારેક નિરવ શાંતિમાં તો ક્યારેક ૐ ના ધ્વનિ સાથે તો ક્યારેક શિવોઽહમની ધૂન સાથે પૂ.શ્રી'મા' સૌને ૩૦ મિનિટ ધ્યાન કરાવતા. ધ્યાન શરૂ થાય ત્યારથી પૂ.શ્રી'મા' પદ્માસનમાં બેસે. ત્યારબાદ પદ્માસનમાં જ પૂ.શ્રી'મા'ના જપ પ્રારંભ પામે. પૂ.'મા' સૌ બાળકો પાસે ઈચ્છે છે કે જેનાથી બેસાય તે થોડું પણ પદ્માસનમાં બેસે. જેનાથી પદ્માસન ના જ થાય તો તે અર્ધપદ્માસનમાં બેસે. એ પણ ના થાય તો સુખાસનમાં બેસે. સૌ યથાશક્તિ તે મુજબ કરે છે.

ધ્યાન પછી સૌ બાળકો મંત્રગાન-પ્રણામ કરીને બસમાં બેસી હોલ ઉપર જાય કે જ્યાં શિબિરના બીજા કાર્યક્રમો થવાના છે.



અહીં રોજ શ્રી હિતેશભાઈ પૂ.શ્રી પ્રભુના આજના પ્રવચનનો ટૂંકસાર કહી સંભળાવે. પછી નિત્ય પ્રાર્થના અને ત્યારબાદ સંકીર્તન. આ પ્રાર્થના સૂર-તાલ સાથે થાય. જેના મુખ્ય સૂત્રધાર શ્રી ઉમેશભાઈ રોજ બાવનીને નવા રાગે મઢે. મંત્રગાન ને ત્રણ પ્રાર્થનાને પણ એ જ રીતે વિવિધ રાગથી અલંકૃત કરે. ભાઈ દાની તેમાં તબલાના તાલ ધરે. બેન પુણ્યા કે બેન ઉમા વારાફરતી હાર્મોનિયમના સૂર પૂરે. તો વળી બેન રાધિકા પોતાના મધુર કંઠે સૌને સાથે રાખીને પ્રાર્થનાના શબ્દો સાથે યાત્રા કરાવે.

શિબિરાર્થીઓમાંથી કેટલાંક ભાઈઓ-બેનોની રોજ ટીમ બનતી. જેનાં નામ જાહેર થાય તે મુજબ તેઓ ફળાહાર કે ભોજન સમયે સેવા માટે સજ્જ થઈ જતા. તેઓ ટેબલ ઉપર કાગળની શીટ પાથરે, ભોજન પીરસે, ભોજનના અંતે કાગળની શીટ લેવાની સેવા ધરે. અહીં પનામા દેશમાં જાતજાતના ફાળો મળે. ભોજનમાં જે ફળ નવું હોય તેનું નામ ને તે કેવી રીતે ખવાય તેની રસપ્રદ જાણ શ્રી દેવાંગભાઈ કરતા. આ શિબિરમાં સવારે ફળદૂધ અને સાંજે એક ટંક ભોજનની વ્યવસ્થા હતી, જેની જાણ પહેલેથી જ સૌને email દ્વારા કરવામાં આવેલી.

શિબિરના આરંભે જ સૌને જણાવેલું કે એક નાનકડો પણ નિયમ શિબિર દરમ્યાન લેવાનો જે નોંધાવીને પોતે જ તેને પૂરો કરવા માટે ચોકી કરવાની. ફળાહાર બાદ સૌ પોતપોતાના વ્યક્તિગત નિયમો પાળવામાં વ્યસ્ત. કોઈ પ્રણામ કરે, કોઈ પાઠ કરે, કોઈ જપ કરે, કોઈ વાંચન કરે, કોઈ લેખન કરે તો કોઈ

ધ્યાન ધરે. જાણે ભારતના પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમનું પ્રાંગણ !

રોજ જુદા જુદા વિષયોને આવરી લેવાતા વિડીયોદર્શન જેવા કે; પૂ.શ્રી પ્રભુનાં પ્રવચનો, પૂ.શ્રી'મા'ની આરોગ્યયાત્રા, સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ-સ્વર્ગારોહણની સત્કર્મ પ્રવૃત્તિ, સત્યપથથી સ્વર્ગારોહણ પદયાત્રા, Fasting, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધીનો અંગ્રેજીમાં ઇન્ટરવ્યુ, શ્રી નરેન્દ્ર મોદી દ્વારા થયેલું લાલ કિલ્લા પરનું ધ્વજવંદન અને તેમનું બાળકો સાથેનું મિલન વગેરે.

બપોર પછી બે વિભાગ પડે; પહેલો વિભાગ જે સાવ નવાં છે, જેમને પૂ.શ્રી'મા'–પ્રભુ વિશે જાણવું છે તેવા બાળકોને પૂ.શ્રી'માપ્રભુ'ના વિવિધ જીવનપ્રસંગોથી પરિચિત કરાતાં. ફૂલવાડીના બાળકો; શ્રી મોક્ષ, શ્રી વીરેન, શ્રી કાવ્યા અને શ્રી પૂજ્યા આ બધાં બાળકોને પોતે અત્યાર સુધી ફૂલવાડી શિબિરમાં જે કાંઈ શીખ્યાં છે તે આ યુથશિબિરમાં નવાં આવનાર બાળકોને શીખવે છે. તેઓ શું શીખવે છે ?

– રોજ પ્રણામ શા માટે કરવા ?
– રોજ ઘરેથી જતાં ને ઘરે પાછા વળતા પ્રભુને પ્રણામ શા માટે કરવાના ?
– પ્રણામ કરતી વખતે શું પ્રાર્થના કરવી ?
– રોજના ૧૧ પ્રણામ વિશે સૌને માહિતગાર કરવા તેમજ મોઢે પણ કરાવવા. વળી તે સૌ સાથે પ્રણામ કરીને.
– પૂ.શ્રી'માપ્રભુ'ના બાલ્યાવસ્થાના પ્રસંગોની વાર્તા કરવી.



વળી, શ્રી દેવાંગભાઈ અને અર્પિતાબેન મંત્રગાન શા માટે કરવું ? સત્સંગમાં પ્રણામ કરીને બેસવું ને પ્રણામ કરીને જ ઉઠાય જેવી આમન્યા વિશે પણ જાણ કરે છે.

બીજો વિભાગ ધ્યાનનો. જેમાં ધ્યાનમાં રસ ધરાવનાર ભાગ લેતા. ધ્યાનમાં કેવી રીતે બેસવું તે વિશે પૂ.શ્રી'મા'એ પૂ.શ્રી પ્રભુ જે રીતે ધ્યાન કરાવતા તેની તબક્કાવાર નોંધ મોકલાવેલી. તે અનુસાર શ્રી પ્રતિકભાઈ સૌને ૩૦ મિનિટ ધ્યાન કરાવે. ૩૦ મિનિટના ધ્યાન બાદ સૌ પોતપોતાના અનુભવો રજૂ કરે. શું તકલીફ થઈ ? સારું લાગ્યું ? વિચારો આવ્યા કે ન આવ્યા ? પદ્માસન કેટલો વખત સુધી રાખી શકાયું ? વગેરે મુદ્દાઓ પર ચર્ચા થતી.

સાંજના ભોજન બાદ જેને પૂ.શ્રી'મા'ની નિત્યનોંધ-શ્રી હરિની શબ્દયાત્રાના વાચન માટે પૂ.શ્રી'મા'ના નિવાસસ્થાને જવું હોય તેને લઈ જવાની ને ત્યાંથી પાછા લાવવાની સેવા શ્રી મહેશભાઈ ખૂબ પ્રેમથી કરે. વાંચન પછી કોણે આજે શું વાંચ્યું તેમાંથી જે યાદ રહ્યું તેની વાતો એકબીજા સાથે કરે.

'આરોગ્ય' એ આ શિબિરનો મહત્ત્વનો વિષય રહ્યો. આગળ પર જણાવ્યું તેમ શિબિરમાં ભાગ લેનાર સૌને સવારે ફળદૂધ અને સાંજે એક જ ટંક ભોજન મળશે તે પણ સાદું જે email દ્વારા જણાવેલું. જણાવેલા નિયમ પ્રમાણે સૌ સવારે ફળાહાર જ લેતા. એની પાછળ પૂ.શ્રી'મા'નો એક જ હેતુ કે બાળકોનું આરોગ્ય સુધરે. તે માટે ઉપવાસ કેવું મહત્ત્વ ધરાવે છે તે વિષય ઉપરના વિજ્ઞાનના પુરાવા સાથેનું વિડીયોદર્શન પણ

કરાવ્યું. અર્પિતાબેને તે વિષય ઉપર વધુ પ્રકાશ પાડ્યો અને તેમણે પૂ.શ્રી'મા'નાં વિવિધ વ્રતોનો તેઓશ્રીના આરોગ્ય ઉપર કેવો પ્રભાવ છે તે સમજાવ્યું. શ્રી અર્પિતાબેન, શ્રી ગોપીબેન અને શ્રીકૃપાબેને ૭૫ વર્ષના સામાન્ય માનવના અને ૭૫ વર્ષના પૂ.શ્રી'મા'ના અંગોના હલનચલન, વચ્ચેનો તફાવત Demonstration દ્વારા સમજાવ્યો. વળી, ધ્યાનના પૂર્વે શ્રી શીતલબેન ને શ્રી હેમાલીબેન હળવા યોગાસનો શ્વાસોચ્છ્વાસ સાથે કેવી રીતે કરાય તે કરે અને કરાવે. જેથી સૌને સરળતાથી સમજાય. વળી, શ્રી શીતલબેન વિવિધ આસનોથી થતા ફાયદાઓ પણ જણાવે છે. આ શિબિરમાં ભાગ લેનાર નાના બાળકોએ પણ નિર્જળાવ્રતનો પ્રયોગ કરીને આરોગ્યનું સંવર્ધન ધરવાની પૂ.શ્રી'મા'ની મહેનતને વેગ આપ્યો.

ત્રણ દિવસ બપોર પછી પનામા દેશના ઐતિહાસિક સ્થળો; પનામા કેનાલ, મૂળ પનામાનું જૂનું શહેર-કાસકો વિએહો અને ઈસ્કોન મંદિરની મુલાકાતે જવાનું થયું. મુસાફરી દરમ્યાન બસમાં સંકીર્તન કે ધૂન-ભજનની અંતાક્ષરીમાં સૌ મશગૂલ બની જતા. ઈસ્કોન મંદિરના મહંત શ્રી દેશવિદેશમાં ઈસ્કોન મંદિરની સ્થાપના વિશે જણાવતાં કહે છે કે તે પાછળ શ્રી પ્રભુપાદ સ્વામીનો એકમાત્ર આશય-'ગુરુઆજ્ઞાથી સમસ્ત સંસારના જીવોને હરેકૃષ્ણ મહામંત્ર વિષે જાગૃત કરવા અને તે દ્વારા તેઓને શાંતિની પ્રાપ્તિ કરાવવી.' તેમણે સૌને સમૂહમાં કીર્તન સાથે નર્તન-ગરબા પણ કરાવ્યા. પૂ.શ્રી'મા'એ સૌને અહીં મોકલીને જાણે કીર્તનભક્તિથી પણ શાંતિની પ્રાપ્તિ થઈ શકે તેનું દર્શન કરાવી દીધું.



યુથ શિબિરમાં ભાગ લેનાર સૌનું સ્વાગત ૧૧મી તારીખે સાંજે યજમાન શ્રી બીનાબેન અને શ્રી દિવ્યેશભાઈએ તિલક અને ચૉકલેટના પ્રસાદથી કર્યું. ત્યારબાદ પૂ.શ્રી'મા' આ યજમાન પરિવારના મૂળમાં જે છે તે શ્રી ગુલાબબેન અને શ્રી વસંતભાઈની વિશેષતાની વાતો કરતા કહે છે કે; 'માતાપિતાનું ક્યારેય મૃત્યુ નથી થતું. તેઓ તેમના કર્મોથી અમર છે. શ્રી ગુલાબબેનનું વિશેષ સ્મરણ એટલા માટે થાય છે, કારણ કે તેઓ માત્ર સાધના કરવા જ સ્વર્ગારોહણમાં ૧ વર્ષ સળંગ રહેલા. ૧ વર્ષ સુધી તેમણે સ્વર્ગારોહણના દ્વારની બહાર પગ નથી મૂક્યો. માત્ર ચાર જ વસ્તુ; જપ, પાઠ, પ્રણામ ને પ્રદક્ષિણા.' પરદેશની ધરતી ઉપરના આ ઘરમાં નિયમિત સત્સંગ થાય છે. શિબિર માટે થઈને અહીં પ્રવેશ પાછળના દ્વારેથી છે. તે પહેલા ચૉકમાં કુટિયાની અંદર બિરાજેલા પ્રભુની સ્થાપના કરી છે. પ્રવેશતાં કે વિદાય થતાં પહેલાં પ્રણામ કરી, પ્રદક્ષિણા કરીને, ત્યાં રાખેલા પાત્રમાંથી પ્રસાદ લઈને પછી જ વિદાય થવાની સુંદર વ્યવસ્થાના સૂત્રધાર તો પૂ.શ્રી'મા' જ હોય ને ! Thank You મા. આપે અમારા સૌ પાસે અમારી જાણ બહાર પ્રાર્થના સાથે પ્રણામ અને પ્રદક્ષિણા કરાવી લીધા. કરાવનાર આપ, કરનાર આપ તો વળી, તેની નોંધ લેનાર પણ આપ જ તો !

આ યજમાન દંપતિએ વિદાય સમયે સૌને પૂ.શ્રી'મા'નું ક્રિસ્ટલ સ્વરૂપ એક સુંદર પનામા લખેલી બેગમાં પ્રસાદીમાં આપ્યું. સાથે એક થેલી ભરીને વિવિધ પ્રસાદ પણ આપ્યો. કેવું ઉદારતાનું દર્શન ! જ્યારથી યુથશિબિર પનામા ખાતે યોજવાનું

નક્કી થયું ત્યારથી આ યજમાન પરિવાર તેની તૈયારીમાં હશે તેવું ચોક્કસપણે લાગે. તૈયારીના ભાગરૂપે રંગોળી હોય, હૉલનું ડેકોરેશન હોય, ૧૫ ઑગસ્ટના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો હોય, ફળાહારના વિવિધ ફળોનું આયોજન, ભોજનનું આયોજન કે પ્રસાદનું આયોજન કરવા માટે ૧-૨ અઠવાડિયા પૂરતાં નથી જ. ઘણા દિવસોની તૈયારી માંગી લે. પનામાના સાધકોએ પણ વિશેષ રીતે પ્રેમ, સેવા અને સંપનું અદ્ભુત દર્શન કરાવ્યું. ૨૪ કલાક સેવામાં હાજર; ભક્તોને લાવવા-લઈ જવાની સેવા હોય, નવા નવા ફળો શોધી લાવવાના હોય, વિવિધ ભોજન બનાવવાના હોય કે અન્ય કોઈ પણ સેવા હોય સૌ પ્રેમથી કરવા તૈયાર. ક્યાંય કોઈનેય અગવડતાનો અહેસાસ નથી આવવા દીધો.

૧૫ ઑગસ્ટનો જાહેર કાર્યક્રમ, તેના વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમોને પૂ.શ્રી'મા'ની સંનિધિનો લાભ લેવા માટે ઉપસ્થિત થયેલા સાધકોની સંખ્યા; આ સર્વ કાંઈ જોતાં લાગ્યા વગર ના રહે કે પૂ.શ્રી'મા'એ પરિશ્રમ ભરેલી અનેક વિદેશયાત્રાઓ કરીને પરદેશની ભૂમિમાં સત્સંગનું જે બીજારોપણ કર્યું તેનું જાણે આ ફળ આપણાને જોવા મળ્યું.

જ્યાં પૂ.શ્રી'મા' ત્યાં નાવીન્ય તો હોય જ ને ! આ ૧૫ ઑગસ્ટના કાર્યક્રમની નવીનતા એ હતી કે બેઠક દરમ્યાન કલાક જેટલો સમય થાય એટલે સૌએ સમૂહમાં ઊભા થઈને પ્રભુને ૩ પ્રણામ મંત્રગાન સાથે કરવાના. જેથી પ્રાર્થના સાથે પ્રણામ થાય, મન ભગવદ્ નામસ્મરણમાં જોડાય અને એકધારું બેસવાથી પગ જકડાઈ ના જાય.



હે 'મા' ! હું કેવી રીતે આપને ધન્યવાદ કરું ? અમને સૌને નિત્ય પ્રભાતે આપના પાવન દર્શનની સૂરગંગામાં સ્નાન કરાવ્યું. કહો કે, નાનાં બાળકોને જેમ માતા તેની આંગળી પકડીને ચાલતાં શીખવે તેમ આપે અમારી સૌની આંગળી એક સાથે પકડીને અમને સાથે બેસીને ધ્યાન કરતાં શીખવ્યું. બાળક સામે માતા જેમ વિવિધ વાનગીઓનો થાળ ધરે તેમ આપે અમારી સમક્ષ ધ્યાનની અનેક રીતો મૂકી. હવે પસંદગી અમારે કરવાની છે. અમે તોફાની બાળકો જો આપની પીરસેલી વાનગી આરોગવાનું ટાળીએ તો હે પરમમાતા ! અમને પટાવીને કે મારીને પણ એ કરાવી જ દેજો. હે 'મા' ! નિયમપાલનમાં આપના જેવી મક્કમતા મને ધરી દેજો. ધ્યાનમાં બેસવાનો જે રંગ આપે આ શિબિરમાં લગાડ્યો છે તે કાયમ રાખજો. હે 'મા' ! હું મારી નબળાઈ ખૂબ સારી રીતે જાણું છું માટે આપની મદદ માગું છું. આપના કૃપાઆશિષ હશે તો મારે માટે સર્વ કાંઈ શક્ય થઈ રહેશે. આપ તો આપની સર્વોત્તમ ફરજ બજાવો છો. પોતાનું સર્વ શુભ જ છે તે બાળકો પર ન્યોછાવર કરવાનું. બસ, હવે વારો અમારો-બાળકોનો છે. આપના ચીંધેલા શાંતિ કે આત્મસાક્ષાત્કારના માર્ગે આગળ ચાલવાનું. આ માર્ગ એટલો સરળ તો નથી જ, પણ પૂ.'મા' આપનો સાથ હશે, સંગાથ હશે, આશીર્વાદ હશે તો જંગ જીતી જવાશે એ શ્રદ્ધા કાયમ છે અને રહે તેવી મારા મનની સ્થિતિ તમે જ રાખજો 'મા'. હે 'મા' ! તમે હંમેશાં મારી સાથે ને પાસે રહીને મને તમારી સાથે ને પાસે રાખો એવી કૃપા કરજો. મને સતત જગાડતા રહેજો,

ઢંઢોળતા રહેજો અને આપનામય કરી દેજો. આપના શ્રીચરણોમાં પ્રણામ પ્રણામ પ્રણામ.

॥ પ્રતીક સ્માર્ત ॥

First, I would like to thank Maa for the opportunity to participate in the 'Panama Youth Shibir.' In addition, I am very thankful for all the individuals that contributed and helped plan for almost 100 people. The accommodations for hotel, transportation, schedule, meals, prasad, etc. was very well planned and great. Thank you.

What did you like at shibir ?

Being in the presence of Maa because she provides inspiration and provides positive vibes. In addition, the amount of people attending for the first time was unique because their stories give a breath of fresh air.

How did you find Panama ?

I found traveling to Panama was very convenient. The people I've met from the shibir or around Panama have been very friendly and have a lot of love for their country. In addition, there is a lot of culture and diversity in town. The country also has a tropical climate and has a lot



of exotic fruits. Panama reminded me of India.

What was the benefit of the shibir to you personally ?

I was'nt sure what to expect from this year's shibir, however I was excited to know it was going to be hosted in Panama. It's place I've never been to, so seeing something for first time always opens the opportunity to learning new things.

I've been blessed to have participated in the Colorado and Vermont shibirs the past two years. The dosage of the material. the amount of people, and not writing down information has made it difficult for me to retain the lessons. Despite the same situation in Panama, I was able to ger a very clear message with the assistance of Maa. Early into the shibir Maa started, we have learned the importance of exercise, healthy diet, pranams, and prathna. This small sentence allowed me to zone in on those particular items.

<u>Exercise</u> has been something I have been doing majority of my life mainly through sports. It's allowed me to stay fit and compete with my

peers. During the Panama shibir, I had the opportunity to see a video of Maa doing variours yoga exercises. Despite being “endurance fit” I was not able to hold a few of the yoga positions. Maa being albe to do this at the age of 75 was remarkable. The experience alllowed me to understand the importance of longevity and the years of work dedicated now to achieve this for the future.

<u>Healthy diet</u> along with fasting were topics I was very interested in. During various workouts, the information relayed by those in the fitness industry have mentioned exercise is 20% of the results, but diet is responsible for the other 80%. This has been on my mind for about a year because any body will not be able to our work it’s diet over time. I plan to review the research Arpitaben has done already on fasting, build on it, and prepare vegetarian or vegan meals. The benefits of having a healthy diet will allow for better results During this time, we also celebrated India’s independence, visited the



Panama Canal and went downtown to see some of the old construction of Panama.

Throughout all of this we could see the divine hand of Pujya Maa, guiding all of us and she remained eager that we pick some of the most beneficial things in life. The food and weather was very good and it remained steady through the Shibir. Overall we were infused with a lot of inspiration so that we would be ready to the Marathon of our life. It was pretty much a time to act, now that we were provided guidance and direction by the Divine Mother.

I hope and pray to the Divine Mother that she continuess showering her blessings on us. I pray that she provides us all such lessons of life that motivate us to continue the spiritual path and help us attain the final goal.

‘અનુગ્રહ કે કૃપા કરવામાં નથી આવતી. એ સંતની ઉપસ્થિતિમાંથી ઝરે છે. અનુગ્રહ એ કર્મ નથી, એ શાશ્વતીનો ઉન્મેષ છે. જેની પાસે સંવેદનશીલતા છે, એ સ્વયં ગ્રહી લે છે.’

—**વિમલા ઠકાર**